*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૦૯

સુખ–દુઃખ પૂર્વવિપાક અરે! મત કંપે જીયા,
કઠિન કઠિનસે મિત્ર! જન્મ માનુષકા લિયા.
તાહિ વૃથા મત ખોય, જોય આપા–પર ભાઈ,
ગયે ન મિલતી ફેર સમુદ્રમેં ડુબી રાઈ.

***

સંસારમાં સુખ કે દુઃખ તે તો પૂર્વકર્મના વિપાક અનુસાર થાય છે, માટે અરે જીવ! તેમાં તું ડર મા. ઘણી કઠિનતાથી આ મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે – તો હે મિત્ર! તેને તું નકામો ન ગુમાવીશ; હે ભાઈ! નરભવમાં તું સ્વ–પરની ઓળખાણ કર; કેમકે જેમ સમુદ્રમાં ડુબેલો રાઈનો દાણો ફરી મળવો મુશ્કેલ છે તેમ આ મનુષ્યજન્મ વીતી ગયા પછી ફરી મળવો મુશ્કેલ છે.

- बुधजन पंडित

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૫, દ્વિ. અષાઢ (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૬ઃ અંક ૯

# વીતરાગવિજ્ઞાનની પ્રસાદી

[છહઢાળા ઉપર પૂ. ગુરુદેવનાં પ્રવચનો વીતરાગવિજ્ઞાનના છ પુસ્તકરૂપે પ્રકાશિત થઈ રહ્યા છે, પહેલું પુસ્તક પ્રગટ થઈ ગયેલું છે. ( કિંમત પચાસ પૈસા ) બીજું પુસ્તક છપાય છે. તેમાંથી થોડોક નમૂનો અહીં આપ્યો છે. ]

જયાં–જ્યાં સમ્યગ્દર્શનાદિ છે ત્યાં જ સુખ છે અને જયાં–જ્યાં મિથ્યાત્વાદિ છે ત્યાં દુઃખ જ છે;–પછી નરક હો કે સ્વર્ગ હો. તિર્યંચમાં કે નરકમાં, સ્વર્ગમાં કે મનુષ્યમાં, –બધે ઠેકાણે દુઃખનું કારણ તો જીવના મિથ્યાત્વાદિ ભાવ જ છે. કર્મ તો માત્ર નિમિત્ત છે, જીવથી તે ભિન્ન છે. ભાઈ ! તારા ઊંધા ભાવ અનુસાર કર્મ બંધાયુ એટલે રખડવાનું ખરું કારણ તારો ઊંધો ભાવ જ છે; તે ઊંધો ભાવ છોડ તો તારું પરિભ્રમણ મટે. સમ્યગ્દર્શન વગર જીવનું પરિભ્રમણ કદી ટળે નહીં. ભાઈ, મિથ્યાત્વને લીધે જન્મ–મરણનાં ઘણાં દુઃખો તેં ભોગવ્યાં, માટે હવે તો તે મિથ્યાત્વાદિને છોડ... છોડ. આ ઉત્તમ અવસર તને મળ્યો છે.

શુભરાગથી સ્વર્ગ મળે, પણ શુભરાગથી કાંઈ આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણ ન મળે. રાગ તે દોષ છે, તે દોષ વડે ગુણની પ્રાપ્તિ કેમ થાય ? મિથ્યાત્વ અને રાગદ્વેષ તે પોતે દુઃખ છે, તેનું ફળ દુઃખ છે. તો તે મોક્ષસુખનું કારણ કેમ થાય ? – ન જ થાય. વીતરાગવિજ્ઞાન તે સુખ ને રાગદ્વેષ–અજ્ઞાન તે દુઃખ, આમ જાણીને હે જીવ ! દુઃખના કારણોથી તું પાછો વળ, ને વીતરાગવિજ્ઞાન પ્રગટ કર.

***

પોતે પોતાના ચૈતન્યપ્રભુને દેખવાની દરકાર જ જીવ ક્યાં કરે છે ? નવરો હોય, કાંઈ કામ ન હોય તોપણ કાંઈક ધર્મના વાંચન–વિચારને બદલે મફતનો પારકી ચિન્તા કર્યા કરે છે. પાર વગરની પારકી ચિન્તામાં વ્યર્થ કાળ ગુમાવે છે પણ આત્માના હિતની ચિન્તા કરતો નથી અરે ! શું હજી તને ભવનાં દુઃખનો થાક નથી લાગતો ? ભાઈ ! આ મનુષ્યપણામાંય નહિ ચેત, તો પછી ક્યારે ચેતીશ ?

સંસારમાં ભમતાં જીવે રૌ–રૌ નરકનાં દુઃખો પણ ભોગવ્યાં ને સ્વર્ગમાં દેવ થઈને ત્યાં પણ દુઃખ જ ભોગવ્યું; પાપ અને પુણ્ય એવા કષાયચક્રમાંથી બહાર નીકળીને તે સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવમાં તે કદી ન આવ્યો. અહીં આચાર્યદેવ વીતરાગવિજ્ઞાન સમજાવીને સંસારદુઃખથી છોડાવે છે.

આવી શૈલીના સુગમ ઉપદેશ માટે વીતરાગવિજ્ઞાન–પુસ્તકો વાંચો.

***

આસો સુધીનું
લવાજમ
બે રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૫
દ્વિતીય અષાઢ

卐 વર્ષ ૨૬ : અંક ૯ 卐

# આત્મિકરુચિ હૈ અનંત સુખસાધિની

પરમ અખંડ બ્રહ્મંડ વિધિ લખે ન્યારી, કરમ વિહંડ કરે મહા ભવબાધિની,
અમલ અરૂપી અજ ચેતન ચમતકાર, સમૈસાર સાધે અતિ અલખ અરાધિની,
ગુણકો નિધાન અમલાન ભગવાન જાકો પ્રત્યક્ષ દિખાવે જાકી મહિમા અબાધિની,
એક ચિદ્રૂપકો અરૂપ અનુસરે ઐસી, આતમીક રુચિ હૈ અનંત સુખસાધિની ।।૬।।

આત્મિક રુચિ અનંત સુખને સાધનારી છે; – કેવી છે તે રુચિ? પરમ અખંડ ચૈતન્ય બ્રહ્મને તે કર્મથી ભિન્ન દેખે છે, કર્મને ખંડ ખંડ કરી નાંખે છે, ભવભ્રમણની અત્યંત બાધક છે અર્થાત્ ભવભ્રમણને રોકનારી છે, નિર્મળ અરૂપી અવિનાશી ચૈતન્ય ચમત્કારને દેખનારી છે, શુદ્ધ આત્મારૂપ સમયસારને અત્યંતપણે સાધનારી છે, ને અલખ–અતીન્દ્રિય ચૈતન્યને આરાધનારી છે; ગુણનો નિધાન અને સંકોચરહિત એવો જે ભગવાન આત્મા તેને તે પ્રત્યક્ષ દેખાડનારી છે, તે આત્મ–રુચિનો મહિમા અબાધ્ય છે, –કોઈથી તે બાધિત થતો નથી. અને તે રુચિ એક અરૂપી ચૈતન્યસ્વરૂપને જ અનુસરનારી છે. – આવી આત્મરુચિ અનંત સુખને સાધનારી છે.

(કવિ દીપચંદજી શાહ રચિત ‘જ્ઞાનદર્પણ’માંથી)

# રત્નત્રયની શુદ્ધિ માટે દ્રઢ વૈરાગ્યભાવનાનો ઉપદેશ

[અસંખ્ય પ્રદેશે વૈરાગ્યની સીતારને ઝણઝણાવીને

આત્માની આરાધનામાં દ્રઢ રહેજે]

* * *

ભાવપ્રાભૃત ગા. ૧૧૦ માં પરમ વૈરાગ્યનો ઉપદેશ આપતાં શ્રી કુંદકુંદ પ્રભુ કહે છે કે હે જીવ! તેં સંસારને અસાર જાણીને સ્વરૂપને સાધવા માટે જ્યારે વૈરાગ્યથી મુનિદીક્ષા લીધી તે વખતના તીવ્ર વૈરાગ્યને ઉત્તમબોધિ નિમિત્તે તું યાદ કર... ફરી ફરી તેની ભાવના ભાવ. વિશુદ્ધ ચિત્તથી એટલે કે સમ્યગ્દર્શનાદિ નિર્મળ પરિણામ સહિત થઈને તું ઉત્કૃષ્ટ વૈરાગ્યની ભાવના કર. મુનિપણાની દીક્ષા વખતે આખા જગતથી ઉદાસ થઈને સ્વરૂપમાં જ રહેવાની કેવી ઉગ્ર ભાવના હતી! –જાણે કે સ્વરૂપથી બહાર હવે કદી આવવું જ નથી. આવા ઉત્તમ પ્રસંગે જાગેલી વૈરાગ્યભાવનાને હે જીવ! ફરી ફરીને તું તારા રત્નત્રયની વિશુદ્ધિને અર્થે ભાવ.

**ચિદાનંદ સ્વભાવને જ જેણે સાર જાણ્યો અને સંસારને અસાર જાણ્યો તે જીવ ચૈતન્યની ઊંડી ભાવના વડે ભાવશુદ્ધિ (સમ્યગ્દર્શનાદિ) પ્રગટ કરે છે. ચિદાનંદ સ્વભાવ પવિત્ર છે તેની ભાવનાથી કષાયો નષ્ટ થઈને સમ્યગ્દર્શનાદિ પવિત્ર ભાવ પ્રગટે છે. ચૈતન્યને સાધવા માટે જે વૈરાગ્યધારા ઉલ્લસી, કે રોગના કાળે કે બીજા વૈરાગ્યપ્રસંગે જે વૈરાગ્ય ભાવના જાગી, અથવા મરણ જેવો પ્રસંગ આવી પડતાં જેવી વૈરાગ્યભાવના હોય એવા વૈરાગ્યને તું સદાય નિરંતર ધ્યાનમાં રાખીને વારંવાર તેને ભાવજે, એ વૈરાગ્યભાવનાને વારંવાર ઘૂંટજે, વૈરાગ્યને શિથિલ થવા દઈશ મા. શુદ્ધભાવે આત્માની જે આરાધના ઉપાડી તેને જીવનપર્યંત નિર્વહન કરજે. આરાધક જીવને તીવ્ર રોગ વગેરે પ્રતિકૂળ પ્રસંગે વૈરાગ્યની ધારા વિશેષ ઊપડે છે. પ્રતિકૂળતા આવે ત્યાં આર્ત્તધ્યાન ન કરે પણ સ્વભાવ તરફ ઝુકે ને તીવ્ર વૈરાગ્ય વડે શુદ્ધતાની ધારાને ઉલ્લસાવીને રત્નત્રયની આરાધનાને પુષ્ટ**

કરે. મુખ્યપણે મુનિને સંબોધન કર્યું છે પરંતુ મુનિની જેમ શ્રાવકને પણ આ ઉપદેશ લાગુ પડે છે. હે જીવ! સમ્યગ્દર્શનની નિર્મળતા પ્રગટ કરી, સંસારને અસાર જાણી, અંતર્મુખ થઈને સારભૂત એવા ચૈતન્યની ભાવના ભાવ. વૈરાગ્યના પ્રસંગે જાગેલી ભાવનાઓને યાદ કરીને એવી ભાવશુદ્ધી કર કે જેથી તારા રત્નત્રયની પરમ શુદ્ધતા થઈને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. સાર શું અને અસાર શું એને ઓળખીને તું સારભૂત આત્માની ભાવના કર.

દીક્ષા લેતી વખતના ઉગ્ર વૈરાગ્યપ્રસંગને યાદ કરાવીને આચાર્ય દેવ કહે છે કે અહા! દીક્ષા વખતે જગતથી પરમ નિસ્પૃહ થઈને શાંત ચૈતન્યદરિયામાં લીન થઈ જવાની જે ભાવના હતી, જાણે કે તે ચૈતન્યના આનંદમાંથી કદી બહાર જ ન આવું–એવો જે વૈરાગ્યનો રંગ હતો, તે વિરકતદશાની ધારા તું ટકાવી રાખજે. જે સંસારને છોડતાં પાછું વાળીને જોયું નહિ, વૈરાગ્યબળે ક્ષણમાત્રમાં સંસારને છોડી દીધો, તો હવે આહારાદિમાં ક્યાંય રાગ કરીશ નહી, પ્રતિકૂળતાના ગંજમાંય તારી વૈરાગ્યભાવનામાં વિઘ્ન કરીશ નહિ. આ પ્રમાણે જેણે આત્માને સાધવો છે તેણે આખા સંસારને અસાર જાણી પરમ વૈરાગ્યભાવનાથી સારભૂત ચૈતન્યરત્નની ભાવનાવડે સમ્યગ્દર્શનાદિની શુદ્ધતા પ્રગટ કરવી. ભાઈ! પરભાવોથી પાછો વળીને તું તારા ચૈતન્યમાં વળ... એમાં પરમ શાંતિ છે; પ્રતિકૂળતાનો કે પરભાવનો તેમાં પ્રવેશ નથી. તારા અસંખ્યપ્રદેશે વૈરાગ્યની સીતારને ઝણઝણાવીને તું આત્માની આરાધનામાં દ્રઢ રહેજે. કોઈ મહાન પ્રતિકૂળતા, અપજશ વગેરે ઉપદ્રવ પ્રસંગે જાગેલી ઉગ્ર વૈરાગ્યભાવનાને અનુકૂળતા વખતે પણ જાળવી રાખજે. અનુકૂળતામાં વૈરાગ્યને ભૂલી જઈશ નહિ; તેમજ પ્રતિકૂળતાના ગંજથી ડરીને પણ તારી વૈરાગ્યધારાને તોડીશ નહીં. અશુદ્ધભાવોને સેવીને અનંતકાળ સંસારભ્રમણ કર્યું, માટે હવે તો તે ભાવ છોડ... ને આત્મશુદ્ધિ પ્રગટ કર.

ધર્માત્મા પ્રતિકૂળતાથી ઘેરાઈ જતા નથી, પરિણામ બગડવા દેતા નથી, પણ તેવા પ્રસંગે ઉજવળભાવથી વૈરાગ્યની ધારા ઉપાડે છે. પ્રતિકૂળતા વખતે આર્ત્તધ્યાન ન કરે પણ પુરુષાર્થની પ્રબળતાથી વૈરાગ્ય વધારીને સમ્યગ્દર્શનજ્ઞાન–ચારિત્રની ઉગ્ર આરાધનાવડે અલ્પકાળમાં કેવળજ્ઞાન લ્યે છે. આ રીતે હરેક પ્રસંગે વૈરાગ્યને પુષ્ટ કરી આરાધનાનું જોર વધારીને રત્નત્રયની શુદ્ધતારૂપ ભાવશુદ્ધિનો ઉપદેશ છે.

# ઉપયોગસ્વરૂપ આત્મા

**ભાઈ ! તું બહારની વાત સારી લગાડે છે તેને બદલે આત્મા જ સારો લગાડ.**

**( સમયસાર ગા. ૧૧૩ થી ૧૧૫ ઉપરનાં પ્રવચનમાંથી )**

જેને ભેદજ્ઞાન હોય તેને ધર્મ થાય છે. ભેદજ્ઞાન કેવું છે તેનું આ વર્ણન ચાલે છે. આત્મા ઉપયોગસ્વરૂપ છે; ઉપયોગસ્વરૂપ આત્મા ક્રોધરૂપ નથી. ઉપયોગ અને ક્રોધ એ બંને એક નથી પણ ભિન્ન છે. ઉપયોગ તો આત્મા છે, પણ ક્રોધાદિ તે ખરેખર આત્મા નથી. આ રીતે ક્રોધાદિથી ભિન્ન ઉપયોગસ્વરૂપ આત્માનો અનુભવ કરવો, શ્રદ્ધા કરવી, તે ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન છે; તે ધર્મ છે.

આવું ભેદજ્ઞાન જેને નથી તેને ધર્મ નથી. ક્રોધાદિમાં ઉપયોગપણું નથી તેથી તેને જડ કહ્યા છે. જો આત્મા ક્રોધમય થઈ જાય તો તેને ઉપયોગપણું ન રહે, એટલે તે જીવ ન રહે પણ ઉપયોગ વગરનો અજીવ થઈ જાય. આત્મા તો સદા ઉપયોગસ્વરૂપ છે; તેને શરીરાદિ જડથી તો ભિન્નતા છે, ને ક્રોધાદિ આસ્રવોથી પણ ભિન્નતા છે. ક્રોધાદિ ભાવો જો કે જીવની વિકારી અવસ્થા છે, પણ તે જ્ઞાનમયભાવ નથી; જ્ઞાનને અને તે ક્રોધાદિને એકતા નથી, બંનેનું સ્વરૂપ તદ્દન જુદું છે.

સર્વજ્ઞભગવાને ઉપયોગસ્વરૂપ આત્મા જેવો જોયો અને પૂર્ણ સાધ્યો તેવો જ વાણીદ્વારા દર્શાવ્યો છે. બધાય આત્માઓ ઉપયોગસ્વરૂપ છે. ઉપયોગ સાથે જીવને ત્રિકાળ એકતા છે, કેમકે ઉપયોગ તેનું સ્વરૂપ જ છે; પણ ઉપયોગની માફક અન્ય જડ પદાર્થો સાથે પણ જો આત્માને એકતા હોય તો આત્મા પોતે જડ થઈ જાય, જીવનું જીવપણું ન રહે એટલે કે તે અજીવ થઈ જાય; પછી 'આ જીવ ને આ અજીવ' એવો કોઈ ભેદ જગતના પદાર્થોમાં રહે નહિં; અને જીવ–અજીવની ભિન્નતાના ભાન વગર ધર્મ પણ થાય નહીં.

સર્વજ્ઞભગવાને અતીન્દ્રિયજ્ઞાનવડે આખું વિશ્વ પ્રત્યક્ષ જોયું, તેમાં આત્મા સદાય ઉપયોગસ્વરૂપ જોયો છે. ઉપયોગને અને ક્રોધાદિભાવોને ભેળસેળપણું નથી. જેમ ક્રોધ તે ઉપયોગ નથી તેમ જડકર્મો કે શરીરાદિ તે પણ ઉપયોગ નથી; તે ઉપયોગથી શૂન્ય એવા અચેતન છે, અહા, પરભાવોથી ભિન્ન આવો પોતાનો આત્મા–તેને અંતરમાં ઉપયોગસ્વરૂપે અનુભવમાં લ્યો. 'આત્મઉપયોગ' વડે અનુભવમાં આવે છે; રાગવડે તે અનુભવમાં ન આવે.

જીવોને બહારની વાત સારી લાગે છે, ને તેમાં રાગાદિ કરીને રોકાઈ જાય છે; પણ તે રાગાદિથી પાર ઉપયોગસ્વરૂપ આત્મા અંદરમાં શું ચીજ છે તે લક્ષમાં લેતા નથી. તેનો પ્રેમ કરતા નથી. ભાઈ, તું બહારની વાત સારી લગાડે છે તેને બદલે તારો ઉપયોગસ્વરૂપ આત્મા જ સારો લગાડ. આનંદકંદ આત્મામાં એક વિકલ્પનો અંશ પણ નથી; એક શુભ વિકલ્પને (–ભલે તે વિકલ્પ વીતરાગ ભગવાન તરફનો હોય–તેને) પણ જે આત્માનું સ્વરૂપ માને છે, કે તેનાથી મોક્ષમાર્ગનો લાભ થવાનું માને છે, તેણે ઉપયોગસ્વરૂપ આત્માને જાણ્યો નથી, તે રાગાદિને જ આત્મા માને છે, ખરેખર તે જડને આત્મા માને છે; કેમકે રાગ તે ચેતનની જાત નથી. જ્ઞાનથી વિરુધ્ધ જેટલા ભાવો છે તેને જે આત્માના ઉપયોગ સાથે એકમેક માને છે તેને જડ–ચેતનની ભિન્નતાનું ભાન નથી, એટલે ભેદજ્ઞાન નથી.

જીવ સદાય ઉપયોગસ્વરૂપ છે. તે ઉપયોગનું ઉપયોગરૂપે પરિણમવું ને રાગરૂપે ન પરિણમવું તેનું નામ ધર્મ છે. ધર્મી જીવ પોતાના ઉપયોગની સાથે રાગના કણને પણ ભેળવતા નથી. એકકોર ઉપયોગસ્વરૂપ આતમરામ; અને સામે બધા રાગાદિભાવો ને જડ પદાર્થો–તે ઉપયોગથી જુદા;–આવું અત્યંત ભેદજ્ઞાન કરતાંવેંત બંધભાવના કોઈ પણ અંશમાં જીવને એકત્વબુદ્ધિ–હિતબુદ્ધિ કે પ્રેમબુદ્ધિ રહેતી નથી; એકલા પોતાના ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્માને જ એકત્વબુદ્ધિથી–હિતબુદ્ધિથી–પ્રેમબુદ્ધિથી અનુભવે છે. આવો આત્મઅનુભવ તે મોક્ષમાર્ગ છે.

અરે ભાઈ! તારા ઉપયોગસ્વરૂપ આત્માને તો તું ઓળખતો નથી, ને બહારથી રાગમાંથી ધર્મ લેવા માંગે છે તે તો તારો પશુ જેવો અવિવેક છે. જેમ પશુઓ ઘાસ અને ચૂરમાને ભેળસેળ કરીને ખાય છે તેમ તું પણ અજ્ઞાનથી ઘાસ જેવા રાગાદિને અને ચૂરમા જેવા ઉપયોગને ભેળસેળ એકમેક માનીને અશુદ્ધતાનો સ્વાદ લ્યે છે, તે અવિવેક છે. ભાઈ, અંદરમાં રાગથી ભિન્ન તારા ચૈતન્યસ્વાદને ઓળખ, તેના અનુભવથી તને રાગાદિ પરભાવોથી આત્માનું અત્યંત ભિન્નપણું દેખાશે.

જડ અને ચેતનને જગતમાં કદી એકપણું થાય નહીં. જો ચેતન પોતે જડ થઈ જાય, કે જડ પોતે ચેતન થઈ જાય, તો જગતમાં કોઈ પદાર્થ રહે જ નહીં. જડનું સદાય જડપણું છે ને ચેતનનું સદાય ચેતનપણું છે. હવે તે ઉપરાંત અહીં તો જે રાગાદિ–ક્રોધાદિ ભાવો છે તે પણ જીવના ઉપયોગસ્વભાવથી જુદા હોવાથી તેમને અચેતનપણું છે. –આ રીતે અંદરના સૂક્ષ્મભેદજ્ઞાનની વાત છે. આવું ભેદજ્ઞાન તે મોક્ષનું કારણ છે.

# જ્ઞાન અને ઈનામ

વિવિધ જ્ઞાન સાથે ઈનામી યોજનાવાળા આ પ્રશ્નો સૌને ખૂબ ગમ્યા છે; બાળકો તેમજ બીજા જીજ્ઞાસુ વાંચકો પણ તેમાં ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે, એટલું જ નહિ પણ તેમાં ઈનામ આપવા માટેની રકમ પણ તેઓ જ મોકલી આપે છે. તે અનુસાર આ માસમાં ઈનામ આપવા માટે રૂા. ૩૩/– રાજકોટના સભ્યો કમલેશ–રૂપા તથા દીપક વછરાજભાઈ જૈન તરફથી આવેલ હતા. ગતમાસનું ઈનામ આપવા માટે વાંકાનેરના મોતીબેન તરફથી રૂા. ૧૧/– આવેલ હતા. આ વખતે નવી જાતના પ્રશ્નો પૂછીએ છીએ. પ્રશ્નો સહેલા છે, જરાક મહેનત કરશો તો જરૂર ઉત્તર મળી જશે, અને તમને આનંદ પણ થશે. ઈનામ આપવા માટે રૂા. ૨૫/– ચેમ્બુરના ઉત્સાહિ કોલેજિયન સભ્ય શૈલાબેન ચંદ્રકાન્ત જૈન તરફથી આવેલા છે. પ્રશ્નના જવાબો તા. ૧૦ ઓગસ્ટ સુધીમાં સંપાદક, આત્મધર્મ સોનગઢ (સૌરાષ્ટ્ર) –એ સરનામે લખવા.

[આ વિભાગની એક ખૂબી એ છે કે જવાબ લખનાર કોઈ નપાસ થતું જ નથી; ૧૦૦ ટકા પાસનું જ પરિણામ આવે છે. માટે તમે પણ ઉત્સાહથી ભાગ લ્યો. ]

નીચે ૮ વાક્યો આપ્યાં છે. તેમાં અક્ષરો પૂરા છે; પરંતુ તે અક્ષરો જરાક આડાઅવળા થઈ ગયા છે, તે તમારે બરાબર ગોઠવવાના છે. એ ધ્યાનમાં રાખજો કે આમાં તમારે નવા અક્ષર ઉમેરવાની જરૂર નથી, પણ જે અક્ષરો આડાઅવળા આપેલા છે તે અક્ષરો જ સરખા ગોઠવવાના છે– (શબ્દોનો જે ક્રમ આપેલ છે તે બરાબર છે; માત્ર અક્ષર આડાઅવળા છે.)

(૧) ભતર અને બાબલીહુ નેબં ઈભા હતા.
(૨) વીસમાબા કરતીર્થં નાનેમિથ નારગીરથી મોક્ષ પામ્યા.
(૩) રમવીહા નભવાગ પાપુવારીથી મોક્ષ પામ્યા.
(૪) ઢગમાંનસો ૩૬ ફૂટ ઊંચો નભમાસ્તં છે.
(૫) ‘મોન હંણંઅરિતા’ –એ મહામંત્ર છે.
(૬) રમસાયસ શાસ્ત્રમાં ૫૧૪ ઓથાગા છે.
(૭) આત્મા સ્વનભાવીજ્ઞા વસ્તુ છે.
(૮) નોજીવ મોક્ષ વીગીરાત થીરત્રયત્ન થાય છે.

# આપણા એક કોલેજિયન સભ્યનો પત્ર

મુંબઈ–ચેમ્બુરમાં આપણા ઉત્સાહી સભ્ય શૈલાબેન ચંદ્રકાંત જૈનનો એક પત્ર અહીં રજૂ થાય છે–જેમાં કોલેજશિક્ષણ કરતાં ધાર્મિકશિક્ષણની મહત્તા તેમણે પ્રગટ કરી છે, તેમજ ખાસ પ્રસંગે બાલવિભાગના બંધુઓને યાદ કરીને હાર્દિક વાત્સલ્ય વ્યક્ત કર્યું છે. વિશેષ તો તેમનો પત્ર જ બોલશે. તેઓ લખે છેઃ "જીવનના ઘડતરમાં કેટલાક પ્રસંગો કેવી રીતે મદદરૂપ થાય છે એ હું એક દાખલા પરથી જણાવું છું. હમણાં અમારું ઈન્ટર આર્ટસનું પરિણામ આવ્યું. હજી સાંજના તો પાસ થઈશ કે નાપાસ–એના વિચાર આવ્યા. ત્યાં રાત્રે મારી એક સખીએ આવી મને સમાચાર આપ્યા કે હું ફર્સ્ટ કલાસમાં પાસ થઈ છું; તેમજ ફર્સ્ટ કલાસમાં બહુ જ ઓછા (કુલ ૧૭ જ) નંબર છે. –પણ સદ્ભાગ્યે, હું એ વખતે ટાઈફોઈડ થયો હોવાથી ૧૦૪ ડીગ્રી તાવમાં શેકાતી હતી, એટલે મને એવી સફળતા માટે અભિમાન કરવાનું કારણ ન થયું. પછી થોડા દિવસ બાદ તાવ ઓછો થતાં સમય વીતાવવા માટે મેં પુસ્તકો માંગ્યા, તો મને મમ્મીએ ભગવાન ઋષભદેવ, વીતરાગવિજ્ઞાન, બે સખી મહારાણી ચેલણા, સુકુમાલચારિત્ર, રત્નસંગ્રહ, દર્શનકથા વગેરે પુસ્તકો વાંચવા આપ્યા. અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હોવાને કારણે હું ઝડપથી ગુજરાતી વાંચી શકતી નથી એટલે ધીમે ધીમે એ પુસ્તકો વાંચ્યા. એ વાંચતા મને ખૂબ જ આનંદ થયો; અને એમ થયું કે જીવનની સફળતા જો હો તો ધર્મમાં હોજો. અને એ સત્ય ધર્મ પૂ. ગુરુદેવ સિવાય અન્ય કોઈ સ્થાને પ્રાપ્ત થઈ શકે એમ નથી એવી પણ ખાત્રી થઈ ને ઉમળકો જાગ્યો કે ત્યાં જઈને પ્રેમપૂર્વક ગુરુદેવની પવિત્ર વાણી સાંભળી આ જ જીવનમાં ધર્મ પામું."

વિશેષમાં શૈલાબેન લખે છે કે 'હું આ રીતે પાસ થઈ તેની ખુશાલીમાં મને રૂા. ૨૫/– ભેટ મળ્યા છે–જે હું આત્મધર્મના બાલવિભાગના મારા સાધર્મીઓને ઈનામ આપવા માટે મોકલું છું, –તે સ્વીકારશો. સર્વે બાલસભ્યોની ધર્મવૃદ્ધિ ઈચ્છતી બેન શૈલાના જયજિનેન્દ્ર! '

(બેન! તમારી ભાવના અને બાલસભ્યો પ્રત્યેની લાગણી માટે ધન્યવાદ!)

* * *

# એક હતો વાંદરો



[બાળકો! ઘણા વખતથી તમારા માટે વાર્તા આપી શક્યા ન હતા; આ અંકમાં આપીએ છીએ. બાળકોને ઘણીવાર 'વાનરસેના' કહેવાય છે. પરંતુ એક વાનરનો આત્મા પણ પોતાની ઊંચી ભાવના વડે ભગવાન થઈ શકે છે, –તે વાત તમને આ વાર્તા કહેશે. ]

卐

એક હતો વાંદરો.

જો કે પૂર્વ ભવમાં તો તે મનુષ્ય હતો, પણ તે વખતે તેણે આત્માની સમજણ કરી નહિ ને ઘણા માયા–કપટ કર્યા, તેથી તે મરીને વાંદરો થયો.

તે વાંદરો એક વનમાં રહેતો હતો.

વાંદરાભાઈ તો વનમાં રહે ને ફળફૂલ ખાય;
એક ઝાડ પરથી બીજા ઝાડ પર કુદાકૂદ કરે.
છમ છમ કરતાં છલાંગ મારે, ને હૂક હૂક કરતાં બીવડાવે.

તે વનમાં કોઈ વાર મુનિ આવે ને ઝાડ નીચે ધ્યાનમાં બેસે; તે મુનિને દેખીને વાંદરો બહુ રાજી થાય, ને તે ઝાડ ઉપર તોફાન કરે નહિ.

એકવાર તે વનમાં એક રાજા ને રાણી આવ્યા.
રાજાનું નામ વજ્રજંઘ, અને રાણીનું નામ શ્રીમતી.
તે રાજાના બે દીકરા મુનિ થયા હતા.
તે મુનિ પણ તે વનમાં જ આવી ચડયા.

રાજા–રાણીએ તો બે મુનિઓને બોલાવ્યા,
ને ભક્તિથી આહારદાન દીધું.



વાંદરો ઝાડ ઉપર બેઠો બેઠો આ બધું જોતો હતો. એ દેખીને તેને એવી ભાવના જાગી કે જો હું મનુષ્ય હોત તો, હું પણ આ રાજાની માફક મુનિઓની સેવા કરત. પણ અરેરે! હું તો પશુ છું... મને એવું ભાગ્ય ક્યાંથી... કે હું મુનિને આહાર દઉં!

જુઓ, વાંદરાને પણ કેવી ઊંચી ભાવના જાગી! વાંદરો પણ જીવ છે, તેનામાં પણ આપણા જેવું જ્ઞાન છે.




આહારદાન પછી તે મુનિઓ વનમાં ઉપદેશ દેવા બેઠા; રાજા–રાણી તે ઉપદેશ સાંભળતા હતા. વાંદરો પણ ત્યાં બેઠોબેઠો ઉપદેશ સાંભળતો હતો... ને બે હાથ જોડીને મુનિને પગે લાગતો હતો.

વાંદરાને આમ કરતો દેખીને રાજા બહુ ખુશી થયો ને તેને વાંદરા ઉપર વહાલ આવ્યું.

રાજાએ મુનિને પુછયું કે આ વાંદરો કોણ છે?

ત્યારે મુનિએ કહ્યું કે હે રાજા! આ વાંદરો પૂર્વભવમાં નાગદત્ત નામનો વાણીયો હતો, ત્યારે ઘણાં કપટભાવ કરવાથી તે વાંદરો થયો છે. પણ હવે તેને ઘણા ઊંચા ભાવ જાગ્યા છે; ને તેને ધર્મનો પ્રેમ જાગ્યો છે. ધર્મનો ઉપદેશ સાંભળવાથી તે વાંદરો ઘણો ખુશી થયો છે; તેને પૂર્વભવનું જ્ઞાન થયું છે અને સંસારથી તે ઉદાસ થયો છે.

મુનિ પાસેથી વાંદરાનાં વખાણ સાંભળીને રાજા ઘણો ખુશી થયો.

વળી મુનિઓએ કહ્યું:–


હે રાજા! જેમ આ ભવમાં અમે તમારા પુત્રો હતા, તેમ આ વાંદરો પણ ભવિષ્યના ભવમાં તમારો પુત્ર થશે, અને જ્યારે તમે ઋષભદેવ તીર્થંકર થશો ત્યારે આ વાંદરાનો જીવ તમારો ગણધર થશે; ને પછી મોક્ષ પામશે.

અહા, મુનિના મુખથી એ વાત સાંભળીને વાંદરાભાઈ તો બહુ જ ખુશી થયા; તે ઘણા જ ભાવથી મુનિને પગે લાગ્યા ને આનંદથી નાચી ઉઠયા. પોતાના મોક્ષની વાત સાંભળીને કોને આનંદ ન થાય? વાંદરાભાઈના તો આનંદનો પાર ન રહ્યો. તે રોજ ઊંચી ઊંચી ભાવના ભાવવા લાગ્યો... કે ક્યારે મનુષ્ય થાઉં... ને ક્યારે મોક્ષ પામું!



અંતે તે વાંદરો મરીને મનુષ્ય થયો; ને ભોગભૂમિમાં જન્મ્યો. રાજા અને રાણીના જીવો પણ ત્યાં જ જન્મ્યા હતા.

એકવાર તે બધા જીવો બેઠા હતા ને ધર્મની વાત કરતા હતા. એવામાં આકાશમાંથી બે મુનિરાજ ત્યાં ઊતર્યા... ને ઘણા જ હેતથી સમ્યગ્દર્શનનો ઉપદેશ દીધો, આત્માનું સ્વરૂપ સમજાવ્યું; અને કહ્યું કે હે જીવો! તમે આજે જ આવા સમ્યગ્દર્શનને ગ્રહણ કરો; આજે જ તમારા આત્માને ઓળખો.



મુનિરાજનો ઉપદેશ સાંભળીને તે બધા જીવોએ આત્માની ઓળખાણ કરી સમ્યગ્દર્શન પામ્યા; વાંદરાનો જીવ પણ સમ્યગ્દર્શન પામ્યો ને મોક્ષમાર્ગે ચાલ્યો. અહા, એક વખતનો વાંદરો પણ આત્માને ઓળખવાથી ભગવાન બની ગયો. શાબાશ છે એને!



પછી તો તે બધા જીવો ત્યાંથી સ્વર્ગમાં ગયા; ને ચાર ભવ પછી રાજાનો જીવ ઋષભદેવ તીર્થંકર થયો; તે વખતે વાંદરાનો જીવ તેમનો પુત્ર થયો, તેનું નામ ગુણસેન. તેણે ભગવાન પાસે દીક્ષા લીધી, ને તે ભગવાનનો ગણધર થયો. પછી કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યો. તેને નમસ્કાર.

બંધુઓ, મુનિની ભક્તિથી ને આત્માને ઓળખવાથી એક વાંદરાનો જીવ પણ ભગવાન બની ગયો. તો આપણે પણ આત્માને ઓળખવો જોઈએ, ને મુનિઓની સેવા કરવી જોઈએ. જેથી આપણે પણ ભગવાન થઈશું. 卐

હવે શ્રાવણ મહિને આવશું... ને બીજી વાર્તા લાવશું,
આનંદ મનાવશું... ને આત્માને જગાડશું.

* * *

# જૈનધર્મમાં ક્રિયા

જૈનધર્મમાં ક્રિયા છે?

હા; મોક્ષની સાચી ક્રિયા જૈનધર્મમાં જ છે.

તમે ક્રિયાને માનો છો?

જી હા, રાગ વગરની જે મોક્ષની ક્રિયા છે તેને મોક્ષની ક્રિયા તરીકે માનીએ છીએ; પણ જે રાગાદિ બંધ–ક્રિયાઓ છે તેને મોક્ષની ક્રિયા તરીકે નથી માનતા, તેને બંધની ક્રિયા તરીકે માનીએ છીએ. અને પુદ્‌ગલની ક્રિયાઓને જડની ક્રિયા તરીકે માનીએ છીએ. આમ ત્રણ પ્રકારની ભિન્નભિન્ન ક્રિયાઓને અમે માનીએ છીએ, તેમને એકબીજામાં ભેળસેળ કરતા નથી. અજ્ઞાનીઓ જડની–રાગની ને મોક્ષની એ ત્રણે ક્રિયાઓને એકબીજામાં ભેળસેળ કરે છે ને મોક્ષની સાચી ક્રિયા તેને આવડતી નથી. તે રાગની ક્રિયાને (એટલે કે અધર્મની ક્રિયાને) કે જડની ક્રિયાને મોક્ષના સાધન તરીકે માને છે, મોક્ષની (ધર્મની) ક્રિયાને તે ઓળખતા નથી.

* * *

## જનસિદ્ધાન્ત

* આત્મા જડનો કર્તા છે? ... ના.
* આત્મા જડનો કર્તા કેમ નથી? ... કેમકે આત્મા જડ નથી.
* જડનો કર્તા કોણ હોય? ... જે જડ હોય તે.
* કર્તા અને તેનું કર્મ બંને એક જાતિનાં હોય, વિરુધ્ધ જાતનાં ન હોય.
* ચેતનનું કાર્ય ચેતન; જડનો કર્તા જડ.

# પં. બુધજનરચિત છહ્ઢાળા ( ચોથી ઢાળ )

*************************************************

પંડિત શ્રી બુધજનજી રચિત આ છહ્ઢાળાની ત્રણ ઢાળ અગાઉ આત્મધર્મ અંક ૩૦૪, ૩૦૬ તથા ૩૦૮A માં આવી ગઈ છે. આ ચોથી ઢાળમાં સમ્યક્ત્વના આઠ અંગોનું તથા પચીસ દોષરહિતપણાનું કથન છે. પં. બુધજનજીની આ છહ્ઢાળા વાંચીને પં. દૌલતરામજીએ છહ્ઢાળા રચી છે.

*************************************************

[સોરઠા]

ઊગો આતમસૂર દૂર ગયો મિથ્યાત્વ તમ।
અબ પ્રગટો ગુણપૂર તાકો કૂછ ઈક કહ્ત હૂં ।।૧।।

( ૨ )

શંકા મનમેં નાંહિ તત્ત્વાર્થ શ્રદ્ધાનમેં।
નિર્વાંછક ચિત્તમાંહિ પરમારથમેં રત રહેં ।।

( ૩ )

નેક ન કરતે ગ્લાનિ બાહ્ય મલિન મુનિજન લખેં।
નાહીં હોત અજાન તત્ત્વ કુતત્ત્વ વિચારમેં।।

( ૪ )

ઉરમેં દયા વિશેષ ગુણ પ્રગટેં અવગુણ ઢકેં।
શિથિલ ધર્મમેં દેખ જૈસે તૈસે થિર કરેં।।

( ૫ )

સાધર્મી પહિચાન કરે પ્રીતિ ગોવત્સસમ।
મહિમા હોય મહાન ધર્મકાર્ય ઐસે કરેં ।।

[અર્થ]

સમ્યક્ત્વ થતાં આત્મસૂર્ય ઊગ્યો અને મિથ્યાત્વ-અંધકાર દૂર થયો ત્યાં ગુણનો સમૂહ પ્રગટયો, તેમાંથી કેટલાક અહીં કહું છું ( ૧ )

તેના મનમાં તત્ત્વાર્થશ્રદ્ધાનમાં શંકા નથી; પરમાર્થ સાધવામાં રત રહે છે, ને ચિત્તમાં બીજી કોઈ વાંછા નથી; મુનિજનોમાં બાહ્ય મલિનતા દેખીને જરાય ગ્લાનિ કરતા નથી; તત્ત્વ અને કુતત્ત્વના વિચારમાં અજાણ કે મૂઢ રહેતા નથી; અંતરમાં વિશેષ દયા છે, ને ધર્માત્માના ગુણોને પ્રસિદ્ધ કરે છે, તથા અવગુણને ઢાંકે છે; ધર્માત્માને ધર્મમાં શિથિલ થતા દેખે તો હરકોઈ ઉપાયે તેને ધર્મમાં સ્થિર કરે છે; સાધર્મીઓને ઓળખી તેના પ્રત્યે ગોવત્સ સમાન પ્રીતિ કરે છે; અને ધર્મના એવા કાર્યો કરે છે કે જેથી ધર્મનો અતિશય મહિમા પ્રસિદ્ધ થાય. ( આ પ્રમાણે સમ્યક્ત્વ થતાં આ નિઃશંકતાદિ આઠ ગુણ પ્રગટે છે. ) ( ૨-૩-૪-૫ )

(૬)

મદ નહીં જો નૃપ તાત મદ નહીં ભૂપતિ મામકો।

મદ નહીં વિભવ લહાત મદ નહીં સુંદર રૂપકો।।

(૭)

મદ નહીં હોય પ્રધાન મદ નહીં તનમેં જોરકા।

મદ નહીં જો વિદ્વાન મદ નહીં સંપત્તિ કોષકા।।

(૮)

હુવો આતમજ્ઞાન તજ રાગાદિ વિભાવ પર ।

તાકો હો કયોં માન જાત્યાદિક વસુ અથિરકા ।।

(૯)

વંદત હૈ અરિહંત જિન મુનિ જિન–સિદ્ધાંત કો ।

નમે ન દેખ મહંત કુગુરુ કુદેવ કુધર્મકો ।।

(૧૦)

કુત્સિત આગમ દેવ કુત્સિત પુન સુરસેવ કી ।

પ્રશંસા ષટ ભેવ કરે ન સમ્યક્ વાન હૈ ।।

(૧૧)

પ્રગટા ઐસા ભાવ કિયા અભાવ મિથ્યાત્વકા ।

વંદત તાકે પાંવ બુધજન મન વચ કાયસે ।।

સમકિતીને પિતા રાજા હોય તોપણ તેનો કુળમદ નથી; માતૃપક્ષ નૃપતિ હોય તો તેનો પણ જાતિમદ નથી. વૈભવની પ્રાપ્તિનો મદ નથી તેમજ સુંદર રૂપનો મદ નથી. પ્રધાનપદ વગેરે અધિકારનો મદ નથી, શરીરમાં જોર હોય તેનો મદ નથી, વિદ્વત્તાનો મદ નથી કે ધનસંપત્તિનો મદ નથી. જેને રાગાદિ પર વિભાવો છોડીને તેનાથી ભિન્ન આત્માનું જ્ઞાન થયું તેને જાતિ વગેરે અસ્થિર–નાશવાન વસ્તુનું માન કેમ હોય? જેને પોતાથી ભિન્ન જાણ્યા તેનું અભિમાન કેમ કરે? (આ રીતે સમ્યગ્દ્રષ્ટિને આઠ મદનો અભાવ છે.)

અરિહંત જિનદેવ, જિનમુદ્રાધારી મુનિ અને જિનસિદ્ધાંતને જ તે વંદન કરે છે; પરંતુ કુદેવ–કુગુરુ–કુધર્મ ગમે તેટલા મહાન દેખાતા હોય તોપણ તેને તે નમતો નથી. (એટલે ત્રણ મૂઢતાનો અભાવ છે.)

કુત્સિતદેવ–કુત્સિત ગુરુ ને કુત્સિત આગમ, તથા તે ત્રણના સેવકો–એવા છ અનાયતનની તે સમ્યક્વાન જીવ પ્રશંસા કરતો નથી.

આ પ્રમાણે શંકાદિ આઠ દોષ, આઠ મદ, ત્રણ મૂઢતા ને છ અનાયતન એવા પચીસ દોષનો સમ્યગ્દ્રષ્ટિને અભાવ છે.

જેને આવો નિર્મળભાવ પ્રગટયો છે અને મિથ્યાત્વનો અભાવ કર્યો છે–તેને 'બુધજન' મન–વચન–કાયાથી પાયવંદન કરે છે.

# ભેદજ્ઞાન-પુષ્પમાળા

*********************************

ગુરુદેવને અત્યંત પ્રિય એવું સમયસાર, અને તેમાં પણ વિશેષ પ્રિય એવો કર્તાકર્મ-અધિકાર, તેનાં પ્રવચનોમાંથી ૮૦ પ્રશ્નોત્તરની આ ભેદજ્ઞાન-પુષ્પમાળાના ૪૬ પ્રશ્નોત્તર છેલ્લા બે અંકમાં આપે વાંચ્યા; બાકીના અહીં રજૂ થાય છે. (સં.)

*********************************

(૪૭) પુણ્ય વગર, શુભ વગર આત્મા જીવી શકે?

હા, સિદ્ધભગવંતો પુણ્ય વગર જ આનંદસહિત જીવી રહ્યા છે. મુનિઓ પણ જ્યારે શુભોપયોગ છોડીને શુદ્ધોપયોગમાં લીન થાય છે ત્યારે પરમ આનંદને અનુભવે છે. તે પ્રકારનો થોડોક અનુભવ ચોથાગુણસ્થાનવર્તી ગૃહસ્થનેય થઈ શકે છે. પુણ્ય કે શુભરાગ તે કાંઈ આત્માનું જીવન નથી, તે કાંઈ આત્માના પ્રાણ નથી; ચૈતન્યભાવ તે જ આત્માનું જીવન છે, તે જ પ્રાણ છે.

(૪૮) આત્માના આવા ઉપદેશથી કોને લાભ થાય?

જે કોઈ જીવો સમજે તેમને લાભ થાય.

(૪૯) જ્ઞાનને રાગની સાથે અવિનાભાવ છે?

ના.

(૫૦) તો જ્ઞાનને કોની સાથે અવિનાભાવ છે?

જ્ઞાનને તો રાગની નિવૃત્તિ સાથે અવિનાભાવ છે. સાચું ભેદજ્ઞાન તો રાગથી પાછું વળેલું છે. રાગના કર્તૃત્વમાં રોકાયેલું જ્ઞાન તે સાચું જ્ઞાન નથી, અજ્ઞાન છે.

( ૫૧ ) મુમુક્ષુ જીવે સૌથી પહેલાં શું લક્ષમાં લેવું ?

જ્ઞાન અને રાગની ભિન્નતા લક્ષમાં લેવી.

( ૫૨ ) જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થતાં શું થાય ?

ભેદજ્ઞાન થતાં જ્ઞાન આસ્રવોથી નીવર્તે છે.

( ૫૩ ) આસ્રવોથી નીવર્તવું એટલે શું ?

આસ્રવોથી નીવર્તવું એટલે જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકવું; જ્ઞાન જ્ઞાનમાં જ એકત્વપણે વર્તે ને રાગાદિમાં એકત્વપણે ન વર્તે, તે આસ્રવોથી નીવર્ત્યું કહેવાય.

( ૫૪ ) રાગમાં એકપણે વર્તે તે જ્ઞાન કેવું કહેવાય ?

તે અજ્ઞાન કહેવાય.

( ૫૫ ) જ્ઞાનીનો જ્ઞાનભાવ કેવો છે ?

જ્ઞાનીનો જ્ઞાનભાવ રાગ કે બંધ વગરનો છે; તે મોક્ષનું કારણ છે.

( ૫૬ ) સમ્યક્ત્વ પહેલાં તત્ત્વનિર્ણયના અભ્યાસથી શું થાય છે ?

સાચા નિર્ણયના અભ્યાસથી મિથ્યાત્વનો રસ મંદ પડતો જાય છે. વિકલ્પ હોવા છતાં, **'જ્ઞાનમાં' સત્યસ્વરૂપના ઘોલન વડે મિથ્યાત્વ તૂટતું જાય છે. વિકલ્પ ઉપર જોર ન દેતાં જ્ઞાન ઉપર જોર દેવું.**

( ૫૭ ) જૈનશાસન એટલે શું ?

જેને જાણવાથી જરૂર મુક્તિ થાય તે જૈનશાસન.

( ૫૮ ) કોને જાણવાથી જરૂર મુક્તિ થાય ?

આત્માના શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવને શુદ્ધનયથી જે દેખે તે સમસ્ત જિનશાસનને દેખે છે, અને તેની જરૂર મુક્તિ થાય છે.

( ૫૯ ) રાગ તે જૈનશાસન છે કે નથી ?

ના, રાગ તે જૈનશાસન નથી, તેમજ એકલા રાગ તરફનું જ્ઞાન તે પણ જૈનશાસન નથી.

(૬૦) તો જૈનશાસન શું છે?

અંતર્મુખ ભાવશ્રુતજ્ઞાન વડે જે આ ભગવાન શુદ્ધ આત્માની અનુભૂતિ છે તે સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે. આ રીતે શુદ્ધ આત્મા તે જ જિનશાસન છે.

(૬૧) જિનશાસનમાં રાગનું પણ કથન તો છે?

પદાર્થોનું સ્વરૂપ ઓળખવા માટે જિનશાસનમાં કથન તો બધુંય આવે, પરંતુ તેથી કાંઈ તે બધાયને જિનશાસન ન કહેવાય. જિનશાસનમાં તો પાપોનું પણ વર્ણન આવે છે તો શું પાપભાવ તે જિનશાસન છે? શુદ્ધ આત્માની અનુભૂતિ વગર જિનશાસનને જાણી શકાતું નથી.

(૬૨) રાગને અને નિમિત્તોને જાણવા તે જૈનશાસન છે કે નથી?

એકલા રાગને અને નિમિત્તો વગેરેને જ જાણવામાં રોકાય, પણ શુદ્ધ આત્માના સ્વભાવ તરફ જ્ઞાનને ન વાળે તો તે જીવ જિનશાસનમાં આવ્યો નથી; કેમકે જિનશાસનમાં કાંઈ એકલા રાગનું ને નિમિત્તોનું જ કથન નથી, પરંતુ તેમાં રાગથી ને નિમિત્તોથી પાર એવા શુદ્ધ આત્માનું પણ પ્રધાન કથન છે. અને તે શુદ્ધ આત્માને રાગને તથા નિમિત્તોને એ સર્વેને જે જાણે તે જીવનું જ્ઞાન શુદ્ધ આત્મા તરફ વળ્યા વગર રહે જ નહિ, ને રાગાદિથી પાછું ફર્યા વગર રહે જ નહિ. એ રીતે સ્વભાવ–વિભાવ ને સંયોગ ઇત્યાદિ સર્વને જિનશાસન અનુસાર જાણીને શુદ્ધનયના અવલંબન વડે જે જીવ પોતાના આત્માને શુદ્ધપણે અનુભવે છે તે જ જિનશાસનમાં આવ્યો છે ને તેણે જ સકલ જિનશાસનને જાણ્યું છે. –એવો જીવ અલ્પકાળમાં જરૂર મુક્તિ પામે છે.

(૬૩) ધર્મની શરૂઆત ક્યારે થાય? બોધિબીજ ક્યારે પ્રગટે?

ચૈતન્યતત્ત્વ તો અંતર્મુખ છે અને રાગાદિ ભાવો તો બહિર્મુખ છે, તેમને એકપણું નથી. જ્યાં સુધી ચૈતન્યની અને રાગની ભિન્નતાને ન જાણે ત્યાં સુધી ભેદજ્ઞાનરૂપ બોધિબીજ પ્રગટે નહિ. હું તો ચૈતન્ય છું ને રાગાદિભાવો તો ચૈતન્યથી ભિન્ન છે, જ્ઞાનમાંથી રાગની ઉત્પત્તિ નથી, ને રાગમાંથી જ્ઞાનની ઉત્પત્તિ નથી. આવું ભેદજ્ઞાન કરે ત્યારે જીવની પરિણતિ રાગથી ખસીને અંતરમાં ચૈતન્યસ્વભાવ તરફ વળે છે, ને ત્યારે સમ્યગ્દર્શનાદિ ધર્મની અપૂર્વ શરૂઆત થાય છે.

( ૬૪ ) ધર્મલબ્ધિનો કાળ ક્યારે ?

જીવને જ્યાં ભેદજ્ઞાન થયું ત્યાં તેને ધર્મલબ્ધિનો કાળ આવ્યો. ભેદજ્ઞાન તે જ ધર્મલબ્ધિ છે. ધર્મ કરનાર જીવ કાળ સામે જોઈને બેસી રહેતો નથી પણ પોતાના સ્વભાવમાં અંતર્મુખ થાય છે, ને સ્વભાવમાં અંતર્મુખ થતાં પાંચે લબ્ધિ એક સાથે આવી મળે છે. સ્વભાવમાં અંતર્મુખ થાય ને ધર્મલબ્ધિનો કાળ ન હોય એમ બને નહિ.

( ૬૫ ) પ્રાથમિક શિષ્યે શું કરવું ?

પ્રાથમિક શિષ્યે ધર્મલબ્ધિને માટે પ્રથમ ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. જેમ જીવ અને અજીવ દ્રવ્યોને અત્યંત ભિન્નતા છે, તેમ ચૈતન્યભાવને અને રાગાદિ ભાવોને પણ અત્યંત ભિન્નતા છે, બંનેની જાત જ જુદી છે. –આવું અંતરનું ભેદજ્ઞાન તે કોઈ શુભરાગ વડે થતું નથી પણ ચૈતન્યના જ અવલંબને થાય છે. ભેદજ્ઞાન તે અંતરની ચીજ છે, એ કોઈ બહારના ભણતરની કે શુભરાગની ચીજ નથી.

( ૬૬ ) કેટલું ભણે તો ભેદજ્ઞાન થાય ?

અમુક શાસ્ત્રો જાણે તો જ આવું ભેદજ્ઞાન હોય, કે વ્રત–મહાવ્રત પાળે તેને જ આવું ભેદજ્ઞાન હોય–એવું કોઈ ભેદજ્ઞાનનું માપ નથી. અંતરના વેદનમાં જેણે ચૈતન્યને અને રાગને ભિન્ન જાણ્યા, ને ઉપયોગને રાગથી છૂટો પાડીને ચૈતન્યમાં વાળ્યો તે જીવ ભેદજ્ઞાની છે; શાસ્ત્રોએ જેવી જ્ઞાન અને રાગની ભિન્નતા બતાવી છે તેવી પરિણતિરૂપે તે ધર્માત્માનું સાક્ષાત્ પરિણમન થયું છે.

( ૬૭ ) રાગના અવલંબને ભેદજ્ઞાન થાય ?

ના; રાગથી તો અત્યંત ભિન્નતા કરવાની છે, તો તે ભિન્નતા રાગના અવલંબને કેમ થાય ? રાગનો જેમાં અભાવ છે એવા ચૈતન્યના અવલંબને જ રાગનું ને જ્ઞાનનું ભેદજ્ઞાન થાય છે.

( ૬૮ ) આમાં નિશ્ચય–વ્યવહારનું ભેદજ્ઞાન કયા પ્રકારે આવ્યુ ?

નિશ્ચય તો સ્વાશ્રિતચૈતન્યસ્વભાવ છે, તે સ્વભાવના આશ્રયે ભેદજ્ઞાન થાય છે, ને વ્યવહાર તો પરાશ્રિત રાગભાવ છે, તેના આશ્રયે ભેદજ્ઞાન થતું નથી, તેના

આશ્રયે તો રાગ જ થાય છે. નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર તો અંતર્મુખ પરિણતિ છે, ને વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રમાં તો બહિર્મુખ રાગપરિણતિ છે. જે જીવ આવું ભેદજ્ઞાન કરે છે, તે જ જીવ રાગ સાથેની કર્તા–કર્મની અજ્ઞાનપ્રવૃત્તિથી છૂટે છે. ભેદજ્ઞાન થતાંવેંત જ તે પોતાના ચૈતન્યસ્વભાવ સાથે એકતાથી અને રાગાદિ સાથે ભિન્નતાથી સમ્યગ્દર્શનાદિ નિર્મળકાર્યરૂપે પરિણમે છે, ને બંધનથી છૂટે છે. આ રીતે ભેદજ્ઞાનથી જ બંધનનો નિરોધ થાય છે.

( ૬૯ ) જ્ઞાનમાત્રથી જ બંધન કઈ રીતે અટકે છે?

અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો. એથી નિવર્તન જીવ કરે.

–સમ્મેદશિખરજીની યાત્રાએ ગયા ત્યારે મધુવનમાં આ ગાથા વંચાણી હતી. આત્માનો ચૈતન્યસ્વભાવ પવિત્ર છે, સુખરૂપ છે, અને રાગાદિ આસ્રવો ચૈતન્યરહિત છે, અશુચિરૂપ છે તથા દુઃખ ઉપજાવનારાં છે. આ રીતે આસ્રવોનું ચૈતન્યસ્વભાવથી વિપરીતપણું જાણીને ભેદજ્ઞાની જીવ તેનાથી પાછો વળે છે, એટલે તેને બંધન થતું નથી. આ રીતે ભેદજ્ઞાનથી બંધન અટકી જાય છે.

( ૭૦ ) ભેદજ્ઞાન એટલે શું?

ભેદજ્ઞાન એટલે અંતર્મુખ થયેલું જ્ઞાન; તેનો સ્વભાવ જ ક્રોધાદિથી છૂટા પડવાનો છે. જ્ઞાનનો ઉપયોગ સ્વભાવ તરફ વળીને એકતા કરે અને રાગાદિથી ભિન્નતા ન કરે એમ બને નહિ; એટલે આત્મા તરફ વળેલા ભેદજ્ઞાનને આસ્રવોથી નિવૃત્તિની સાથે અવિનાભાવીપણું છે.

અહિં આચાર્યદેવ અલૌકિક ભેદજ્ઞાન વડે આત્મા અને આસ્રવોનું સ્પષ્ટ જુદાપણું સમજાવે છે. આત્માને અને આસ્રવોને વિરુધ્ધ સ્વભાવપણું છે તેથી તેમને એકતા નથી પણ ભિન્નતા છે.

( ૭૧ ) રાગનું ખરું જ્ઞાન ક્યારે થાય? અથવા રાગને કોણ જાણે?

રાગથી જુદો પડે તો જ રાગનું ખરું જ્ઞાન થાય છે, રાગમાં એકતા કરે તેને રાગનું પણ જ્ઞાન થતું નથી. ચૈતન્ય છે તે રાગથી અન્ય છે; અને રાગમાં ચૈતન્યથી વિપરીત સ્વભાવપણું છે એટલે તે ચૈતન્યથી અન્ય છે, તે રાગ પોતે

પોતાને જાણતો નથી; અને ચૈતન્યસ્વભાવી આત્મા તો સ્વયં (–રાગના અવલંબન વગર જ) સ્વ–પરને જાણનારો ચેતક છે, તે પોતે પોતાને જાણતાં રાગને પણ પર તરીકે જાણે છે. તે ચૈતન્યથી રાગ અન્ય છે. આ રીતે આત્માને અને આસ્રવોને ભિન્નસ્વભાવપણું છે–એવા ભેદજ્ઞાનથી આત્માને બંધન અટકી જાય છે.

(૭૨) સમ્યગ્દ્રષ્ટિને બંધન છે?

ના; દ્રષ્ટિઅપેક્ષાએ તો સમકિતીને મુક્ત કહ્યો છે. સમકિતીની દ્રષ્ટિમાં બંધરહિત શુદ્ધ આત્મા જ છે, તેથી દ્રષ્ટિઅપેક્ષાએ તેને બંધન છે જ નહીં. જેમ અંધકારને અને પ્રકાશને ભિન્નતા છે, તેમ અંધકાર જેવા આસ્રવોને અને પ્રકાશ જેવા ચૈતન્યને અત્યંત ભિન્નતા છે. જેટલો પરાશ્રિત વ્યવહાર છે તે બધોય આસ્રવોમાં જાય છે, તે ચૈતન્યસ્વભાવથી ભિન્ન છે; ને જે સ્વાશ્રિત નિશ્ચય છે–સ્વાશ્રયે થયેલી નિર્મળ પર્યાય છે–તેને ચૈતન્યસ્વભાવ સાથે એકતા છે. આવા ભેદજ્ઞાનથી જ્યાં ચૈતન્ય સાથે એકતારૂપ ને રાગાદિથી ભિન્નતારૂપ પરિણમન થયું ત્યાં હવે બંધન શેમાં રહે? બંધન તો જ્યાં આસ્ત્રભાવ હોય ત્યાં થાય, પણ જ્યાં આસ્રવોથી છૂટીને ચૈતન્યભાવમાં વળ્યો ત્યાં તે ચૈતન્યભાવમાં બંધન થતું નથી.

(૭૩) ભેદજ્ઞાન વગર ધર્મ થાય?

ના; આ ભેદજ્ઞાન કરવું તે મૂળ વાત છે. ભેદજ્ઞાન વગર કઈ તરફ ઝૂકવું ને કોનાથી છૂટવું–તેની ખબર પડે નહિ. રાગને ઊંડે ઊંડે સાધન માને તેનું વલણ આસ્રવ તરફ જ છે, તે આસ્રવોથી છૂટો પડતો નથી, આસ્રવોથી ભિન્ન ચૈતન્યને તે જાણતો નથી, એટલે તેને ધર્મ થતો નથી. જે જીવ રાગથી ભિન્નતાને જાણતો નથી તેને વીતરાગભાવરૂપ ધર્મ ક્યાંથી થાય?

અરે જીવ! ધર્મી થવા માટે તું આવા ભેદજ્ઞાનની એવી દ્રઢતા કર કે ત્રણ કાળ ત્રણ લોકમાં આસ્રવનો અંશ પણ ચૈતન્યસ્વભાવપણે ન ભાસે; આવું દ્રઢ ભેદજ્ઞાન થાય એટલે પરિણતિ અંતરમાં વળ્યા વગર રહે નહિ. પરિણતિ જયાં અંતરમાં વળી ત્યાં પવિત્રતા પ્રગટી, સ્વપર–પ્રકાશકપણું પ્રગટયું અને અતીન્દ્રિય સુખ પ્રગટયું, એટલે દુઃખનું કારણ ન રહ્યું; આ ભેદજ્ઞાનનું કાર્ય છે, આ ધર્મ છે.

(૭૪) ભાઈ, તારે ભગવાન થવું છે?

હા,! તો ભગવાન થવાનું કારણ શું રાગ હોય? રાગ તો ભગવાનથી વિરુધ્ધ

ભાવ છે, તે તો ભગવાન થવાનું કારણ કેમ હોય? ન જ હોય. રાગથી જુદો પડીને ચૈતન્યસ્વભાવ તરફ વળવું તે જ ભગવાન થવાનું કારણ છે. ભગવાન ચૈતન્ય તો આનંદનું ધામ છે, તેમાંથી કદી દુઃખની ઉત્પત્તિ થાય નહિ. રાગમાંથી તો આકુળતા અને દુઃખની ઉત્પત્તિ થાય છે, તો તે ચૈતન્યનો સ્વભાવ કેમ હોય? અંતરના વેદનથી ચૈતન્યને અને રાગને અત્યંત જુદા પાડી નાખ! એવી ભિન્નતાના અનુભવ વડે તું જરૂર ભગવાન થઈશ.

(૭૫) ભેદજ્ઞાન થયા પહેલાં શું હતું ને પછી શું થયું?

**પહેલાં અજ્ઞાનદશા હતી ત્યારે–** अपनेको आप भूलके हैरान हो गया...

**પરંતુ હવે જ્યાં ભેદજ્ઞાન થયું ત્યાં–** अपनेको आप जानके आनंदी हो गया...

ભેદજ્ઞાન થયું ત્યાં અજ્ઞાન ટળ્યું, જ્ઞાનમાં પ્રવર્ત્યો ને આસ્રવોથી નિવર્ત્યો, દુઃખનું કારણ દૂર થયું ને સુખનું વેદન પ્રગટયું; આ બધાનો કાળ એક જ છે.

(૭૬) ભેદજ્ઞાનનો કેવો મહિમા છે?

આચાર્ય દેવ જ્ઞાનના મહિમાથી કહે છે કે અહો! પરપરિણતિને છોડતું અને ભેદનાં કથનોને તોડતું જે આ પ્રત્યક્ષ સ્વસંવેદનરૂપ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે, તે જ્ઞાનમાં હવે વિભાવ સાથે કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ જ નથી, અને તેને બંધન પણ નથી. જુઓ, આ જ્ઞાન!! જ્ઞાન પરભાવોથી છૂટયું; અહા, છૂટકારાના પંથે ચડેલા આ જ્ઞાનને બંધન કેમ હોય? મતિ–શ્રુત ક્ષાયોપમિક હોવા છતાં સ્વસંવેદન તરફ વળ્યાં ત્યાં તે પ્રત્યક્ષ છે, અને તે જ્ઞાનને બંધન નથી, તેમાં વિકારનું કર્તૃત્વ નથી. ચૈતન્યના મધ્યબિંદુથી તે જ્ઞાન ઊછળ્યું છે, તેને કેવળજ્ઞાન લેતાં હવે કોઈ રોકી શકે નહિ.

(૭૭) ભણેલો છતાં અભણ કોણ છે?

જેને ઉપયોગસ્વરૂપ આત્માનો અનુભવ નથી તે જીવ ભલે ગમે તેટલું ભણ્યો હોય તોપણ તે ખરેખર અભણ છે, ભણતરનો જરાપણ સાર તેણે પ્રાપ્ત કર્યો નથી. ભણતરનો સાર એ છે કે જ્ઞાનસ્વરૂપ આત્માને પરથી ભિન્ન અનુભવવો.

(૭૮) અભણ છતાં ભણેલો કોણ છે?

જેને નિર્વિકલ્પ આત્માનો અનુભવ છે તે જીવ ભલે કદાચ શાસ્ત્રભણતર વગેરે

ન ભણ્યો હોય, બહારનું ઓછું જાણપણું હોય તોપણ ખરેખર તે બધું ભણેલો છે, બધા ભણતરનો સાર જે શુદ્ધઆત્મઅનુભવ તે તેણે પોતામાં પ્રાપ્ત કરી લીધો છે.

(૭૯) કોણ હારેલા? ને કોણ જીતેલા?

જેણે ચિદાનંદ તત્ત્વનો અનુભવ કર્યો નથી, મોક્ષને સાધવાની રીતની જેને ખબર નથી તે ભલે કદાચ મોટા વક્તા હોય કે ઘણા શાસ્ત્રોની ધારણાવાળા હોય તોપણ તેઓ હારી ગયેલા છે... અનુભવ વગરની એકલી ધારણા કાંઈ શરણરૂપ નહીં થાય, એકલી બાહ્યધારણાવડે તે મોહને જીતી નહીં શકે.

અને જેણે ચિદાનંદ તત્ત્વના આનંદનો અનુભવ કર્યો છે ને મોક્ષને સાધી રહ્યા છે તેને ભલે કદાચ બોલતાં કે વાંચતાં પણ ન આવડતું હોય, બીજી ધારણા પણ થોડી હોય–તોપણ તે જીતેલા છે, તે અલ્પકાળમાં મોહને જીતીને કેવળજ્ઞાન પ્રગટ કરીને ત્રણલોકના નાથ થશે.

(૮૦) પુણ્યનો માર્ગ અને ધર્મનો માર્ગ એક છે કે જુદા?

પુણ્યનો માર્ગ અને ધર્મનો માર્ગ એક નથી પણ જુદા છે; પુણ્યનો માર્ગ બહિર્મુખ છે, ધર્મનો માર્ગ અંતર્મુખ છે; પુણ્યનું ફળ સંસાર છે, ધર્મનું ફળ મોક્ષ છે.

(૮૧) શાસ્ત્રના અર્થનો નિર્ણય કોણ કરી શકે?

શાસ્ત્રના શબ્દોમાં તો કાંઈ જ્ઞાન નથી, જ્ઞાન આત્મામાં છે. જેણે આત્માની સન્મુખ થઈને નિર્મળજ્ઞાનદશા પ્રગટ કરી, તે જ શાસ્ત્રના અર્થનો ખરો નિર્ણય કરી શકે છે.

* * *

એક સારું મજાનું તીર્થ... ચાર અક્ષરનું નામ;
ઊંચું તો ભઈ એવું કે આકાશને અડે.
બહાદુર એવું કે સિંહને ખોળામાં રમાડે.
છતાં નેમપ્રભુનાં ચરણોમાં તો એ નમી પડે.
એના બેકી નંબરના બંને અક્ષરો સરખા.
જો ન શોધી આપો તો તમે સૌરાષ્ટ્રના રહેવાસી નહિ.

# મોક્ષમાર્ગે જનારાની આંખ એટલે આગમજ્ઞાન

[પ્રવચનસાર ગા. ૨૩૩ થી ૨૩૬ ઉપરનાં પ્રવચનોમાંથી]

અનેકાન્ત જેનું લક્ષણ છે એવા આગમના ભાવશ્રુતજ્ઞાનવડે સ્વ–પરનું તેમજ પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે અને મોક્ષમાર્ગ સધાય છે. જેને આગમનું જ્ઞાન નથી તેને સ્વ–પરનું કે પરમાત્મસ્વરૂપનું જ્ઞાન નથી અને તેના જ્ઞાન વગર મોક્ષ સધાતો નથી.

સ્વ શું ને પર શું તેને ઓળખ્યા વગર સ્વમાં એકાગ્રતા ક્યાંથી થાય? આત્માનું પરમસ્વરૂપ શું છે તેને જાણ્યા વગર તેમાં એકાગ્રતા ક્યાંથી થાય? ને એકાગ્રતા વગર મોક્ષ ક્યાંથી સધાય? માટે કહે છે કે આગમજ્ઞાન વગર મોક્ષની સિદ્ધિ નથી.

‘આગમજ્ઞાન’ કહેતાં એકલા શબ્દોના જાણપણાની વાત નથી પણ દ્રવ્ય–ગુણ–પર્યાયનું જે ગંભીર સ્વરૂપ આગમમાં બતાવું છે, સ્વ–પરનું જેવું સ્વરૂપ આગમમાં બતાવ્યું છે અને આત્માનું જેવું પરમ સ્વરૂપ આગમમાં બતાવ્યું છે તેવું સ્વરૂપ જાણતાં આત્માના સમ્યક્શ્રદ્ધાન–જ્ઞાન–અનુભવરૂપ એકાગ્રતા પ્રગટે છે, એવું ભાવશ્રુત તે ખરું આગમજ્ઞાન છે. આવા જ્ઞાન વડે મોહનો ક્ષય થાય છે, એટલે તેને જ કર્મના ક્ષયરૂપ મોક્ષની સિદ્ધિ થાય છે.

સર્વજ્ઞપ્રણીત આગમજ્ઞાન વડે પદાર્થના સ્વરૂપનો નિશ્ચય થાય છે. પદાર્થના નિશ્ચય વડે મિથ્યાત્વબુદ્ધિ છૂટે છે એટલે પરમાં કર્તૃત્વ–ભોકતૃત્વની અભિલાષા છૂટીને જ્ઞાનસ્વરૂપ આત્મામાં એકમાં સ્થિરતા થાય છે. આવી એકાગ્રતા વડે શુદ્ધાત્મપ્રવૃત્તિરૂપ મુનિપણું થાય છે, અને તેને મોક્ષ સધાય છે. પણ હજી પદાર્થનું સ્વરૂપ શું છે તેની જેને ખબર નથી તે તો પરના કર્તા–ભોક્તાપણાની અભિલાષામાં રખડે છે, તેને સ્વમાં એકાગ્રતા થતી નથી, એટલે મુનિદશા કે મોક્ષ તેને સધાતા નથી.

મોક્ષમાં જનારા જીવોને આગમ જ એક ચક્ષુ છે. આગમના જ્ઞાન વડે અતીન્દ્રિય પદાર્થોનું સ્વરૂપ પણ ઓળખાય છે. માટે કહે છે કે કર્મક્ષયના અર્થી જીવોએ સર્વપ્રકારે આગમની પર્યુપાસના કરવી યોગ્ય છે. આગમજ્ઞાન તો શુદ્ધાત્માનો સ્વાનુભવ કરાવે છે. જેને સ્વાનુભવ નથી તેને સાચું આગમજ્ઞાન કહેતા નથી. આગમજ્ઞાન

વગરના જગતના જીવો આંધળા છે, વસ્તુસ્વરૂપને તેઓ દેખી શકતા નથી. મોક્ષના માર્ગમાં ચાલવા માટે મુમુક્ષુને આગમજ્ઞાન તે ચક્ષુ છે. જગતના સંસારી જીવો ઇન્દ્રિયચક્ષુથી દેખનારા છે, તે ઇન્દ્રિયચક્ષુ વડે આત્મા દેખાતો નથી. ધર્માત્માઓ આગમચક્ષુ વડે સ્વાનુભવ કરીને શુદ્ધાત્માને દેખે છે.

સર્વજ્ઞ ભગવાને કહેલા આગમ કેવા છે? કે તેનું અંતરંગ ગંભીર છે; જગતના સમસ્ત પદાર્થો ત્રણે કાળે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે–આવું જે સર્વ પદાર્થનું યથાર્થ જ્ઞાન તેનાથી ભરેલું આગમનું અંતરંગ ગંભીર છે. સર્વજ્ઞદેવે કહેલા આગમના જ્ઞાન સિવાય સર્વ પદાર્થનું આવું સૂક્ષ્મ યથાર્થ સ્વરૂપ જાણી શકાય નહીં. અહો! જિનાગમની ગંભીરતા!

આવા આગમવડે જ પદાર્થના સ્વરૂપનો નિશ્ચય થાય છે. પણ જેમાં પદાર્થોની પરાધીનતા બતાવી હોય, બીજા વડે તેની ઉત્પત્તિ કે નાશ બતાવ્યા હોય–તો તે સર્વજ્ઞે કહેલા આગમ નથી. સર્વજ્ઞના આગમ યથાર્થ વસ્તુસ્વરૂપ ઓળખાવીને ઉપયોગસ્વરૂપ આત્માનો અનુભવ કરાવે છે. જેને આગમદ્વારા યથાર્થ વસ્તુસ્વરૂપનું જ્ઞાન નથી તેને જ એવી મિથ્યાબુદ્ધિ થાય છે કે હું વિશ્વના પદાર્થોને રચું, અથવા મારી પર્યાયને બીજો રચે. પદાર્થના નિશ્ચય વગરનો તે જીવ ડામાડોળ અને અસ્થિર રહે છે, સ્વમાં એકાગ્રતા નહિ હોવાથી તે સદાય વ્યગ્ર જ રહે છે. એક એવા શુદ્ધાત્મામાં તો એકાગ્રતા છે નહિ તેથી અનેક એવા પરદ્રવ્યોપણે અથવા અનેક વિકલ્પોપણે પોતાને અનુભવતો થકો વ્યગ્ર જ રહે છે. એવા જીવને મુનિદશા હોતી નથી. મુનિદશા તો આત્માની પ્રતીતિ–અનુભૂતિરૂપ શુદ્ધાત્મપ્રવૃત્તિ છે. એ જ મોક્ષમાર્ગ છે. માટે મુમુક્ષુએ આગમના સમ્યક્ અભ્યાસવડે યથાર્થ વસ્તુસ્વરૂપ જાણવામાં પાવરધા થવું.

ભાઈ, તારે મોક્ષને સાધવો છેને? મોક્ષ એટલે આત્માની શુદ્ધતા; તેને સાધવા માટે સ્વ કોણ ને પર કોણ એને તો ઓળખ. જગતના અન્ય પદાર્થો, તેને તું તારા માની લે તો તને સ્વ–પરની ભિન્નતાનું પણ ભાન નથી. પરદ્રવ્યોને પોતાનું માનનારો જીવ તે તો અપરાધી છે. બીજાની વસ્તુ લઈને એમ કહે કે આ મારી છે–તો તે ચોર ગણાય; તેમ ઉપયોગસ્વરૂપ જે પોતાનો આત્મા, તેનાથી ભિન્ન જગતના અન્ય પદાર્થોને જે પોતાનાં માને છે, તેનું કાર્ય હું કરું એમ માને છે–તો તે જીવ પણ ચોર છે–અપરાધી છે, –સંસારની જેલમાંથી તે છૂટશે નહીં.

બાર અંગરૂપ જિનાગમમાં શુદ્ધાત્મઅનુભૂતિને જ મોક્ષમાર્ગ કહ્યો છે. આગમ અનુસાર સ્વ–પરની ભિન્નતા જાણ્યા વગર શુદ્ધઆત્માની અનુભૂતિ થઈ શકે નહીં.

જેને આગમની ઉપાસના નથી, આગમમાં આત્માનું સ્વરૂપ કેવું કહ્યું છે તેની ખબર નથી, તેને સ્વાનુભવ થતો નથી એટલે કે મોક્ષમાર્ગ થતો નથી. હું તો ઉપયોગસ્વરૂપ આત્મા અમૂર્તિક છું, અને શરીરાદિ તો અચેતન છે–રૂપી છે–તે હું નથી, તેમજ મોહ–રાગ–દ્વેષાદિ ભાવો તે પણ મારા ઉપયોગસ્વરૂપથી બહાર છે એટલે જુદા છે; –આવું સ્વ–પરનું ભેદજ્ઞાન કરે ત્યારે જ સાચો આત્મા અનુભવમાં આવે. ભાઈ! તારે મોક્ષમાર્ગમાં આવવું હોય તો સર્વજ્ઞકથિત આગમઅનુસાર તું સ્વ–પરને જાણ, પરમાત્મસ્વરૂપને જાણ. અરે, દુનિયા તો વીતરાગમાર્ગને છોડીને રાગના માર્ગે ચડી ગઈ છે, રાગથી તે ધર્મ મનાવે છે, પણ બાપુ! મોક્ષનો માર્ગ એવો નથી. રાગાદિભાવો તે તો ઉપયોગના ઘાતક છે, એને જે મોક્ષનું કારણ માને તે જીવ તે રાગાદિને ક્યાંથી હણી શકશે? રાગ ભલે શુભ હો–તે કાંઈ આત્માની શાંતિ આપનારો નથી, તે તો શાંતિને ઘાતનારો છે. આત્મા તો રાગ વગરનો, જિન ભગવાન જેવો છે, એને ઓળખવો તે જ જિનપ્રવચનનો સાર છે. –

**'જિન સોહી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ,**
**યહી વચનસે સમજલે જિનપ્રવચનકા મર્મ.'**

શ્રીમદ્‌રાજચંદ્રજી પણ કહે છે કે–

**'જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ,**
**લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.'**

જુઓ, શાસ્ત્રોએ શું કહ્યું? શાસ્ત્રોએ જિનપદ જેવું નિજપદ બતાવ્યું; જેવા ભગવાન સર્વજ્ઞદેવ છે તેવો જ આ આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવને ઓળખ્યા વગર મોહ ટળે નહિ ને મોક્ષ મળે નહીં.

આવું આત્મસ્વરૂપ બતાવનારા આગમ તે મુમુક્ષુનાં ચક્ષુ છે, એટલે કે એવા આગમનું ભાવશ્રુતજ્ઞાન તે મોક્ષમાર્ગને જોવાની આંખ છે. સિદ્ધ ભગવંતો તો શુદ્ધજ્ઞાનમય છે, તેમને તો અસંખ્યપ્રદેશે સર્વત્ર કેવળજ્ઞાનચક્ષુ ઊઘડી ગયાં છે એટલે તેઓ સર્વતઃચક્ષુ છે. જગતના સામાન્ય જીવો તો ઇન્દ્રિયચક્ષુવાળા છે, ઇન્દ્રિયજ્ઞાનથી જ જોનારા છે; તે ઇન્દ્રિયજ્ઞાનવડે કાંઈ આત્મા ન જણાય. દેવ વગેરેને જો કે અવધિજ્ઞાનરૂપી ચક્ષુ છે, પણ તેના વડે માત્ર રૂપી પદાર્થોને જ તેઓ દેખે છે, અતીન્દ્રિય આત્મા તેના વડે દેખાતો નથી, માટે તે પણ ઇન્દ્રિયચક્ષુવાળા જેવા જ છે. તે ઇન્દ્રિયચક્ષુ દ્વારા શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન થતું નથી.

ભગવંત શ્રમણો ભાવશ્રુતરૂપ આગમચક્ષુવડે શુદ્ધ આત્માને સાધે છે. તે આગમચક્ષુવડે સ્વ–પરનો વિવેક કરીને તેમનું ભિન્નભિન્ન સ્વરૂપ જાણે છે, અને પોતાના પરમાત્મસ્વરૂપમાં એકાગ્ર રહે છે. –આવા ભાવશ્રુતચક્ષુવડે તેઓ સર્વતઃચક્ષુરૂપ કેવળજ્ઞાનને સાધે છે. અહીં મુનિઓની પ્રધાનતાથી ઉપદેશ છે, બાકી તો ચોથા ગુણસ્થાનથી સમ્યગ્દ્રષ્ટિને પણ સ્વ–પરના વિવેકરૂપ ભાવશ્રુતજ્ઞાનચક્ષુ ઉઘડી ગયાં છે, ને તેના વડે તે પણ મોક્ષને સાધી રહ્યા છે. મોક્ષે જનારા જીવોને આગમચક્ષુ એટલે કે ભાવશ્રુત જ્ઞાન વડે શુદ્ધાત્માનું સંવેદન હોય છે.

હું ઉપયોગસ્વરૂપ આત્મા છું, ને બાહ્યપદાર્થો મારાથી ભિન્ન છે એવું જેને જ્ઞાન નથી તે જીવો જ્ઞેયોને જાણતાં તે જ્ઞેયોમાં જ લીન થયા થકા જ્ઞાનને ભૂલી જાય છે; જ્ઞાનનિષ્ઠપણું તેમને નથી. શુદ્ધાત્માના સંવેદનવડે જ જ્ઞાનનિષ્ઠપણું થાય છે, અને તેનાથી જ કેવળજ્ઞાન સધાય છે. જ્ઞાનમાં એકાગ્રતાવડે કેવળજ્ઞાન સધાય છે, પણ જ્ઞેયમાં એકાગ્રતાવડે કેવળજ્ઞાન સાધી શકાય નહીં. એટલે સર્વજ્ઞપદની સિદ્ધિને માટે પહેલાં જ્ઞાન અને જ્ઞેયનું (અર્થાત્ સ્વ અને પરનું) સ્વરૂપ બરાબર જાણવું જોઈએ. જ્ઞાન જ્ઞેયોને જાણે ભલે, પણ તેથી જ્ઞાન કાંઈ જ્ઞેયરૂપ થઈ જતું નથી. જડજ્ઞેયોને જાણે તેથી કાંઈ જ્ઞાન પોતે જડ થઈ જાય નહિ. જ્ઞાન તો જડથી ને રાગથી જુદું, જ્ઞાનરૂપ રહીને જ તેમને જાણે છે. જાણવું એ તો જ્ઞાનની તાકાત છે, જ્ઞાનનો સ્વભાવ છે. આવા શુદ્ધજ્ઞાનસ્વરૂપ હું છું –એમ પોતાના આત્માને સ્વસંવેદનવડે અનુભવમાં લઈને તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે; અસંખ્ય ચૈતન્યપ્રદેશે અનંતા જ્ઞાનદીવડા પ્રગટી જાય છે.

સર્વજ્ઞભગવાને જીવાદિ નવતત્ત્વોને જેમ કહ્યા છે તેનાથી જરાપણ વિપરીત જેમાં કહ્યું હોય તેને તો આગમ જ કહેતા નથી; ને એવા વિપરીત તત્ત્વોની જેને માન્યતા હોય તેને તો આગમચક્ષુ ઊઘડયાં જ નથી એટલે મોક્ષમાર્ગને તે દેખી શકતો નથી. અહો, વિતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જેવું વસ્તુસ્વરૂપ કહ્યું તેવા વસ્તુસ્વરૂપનો નિર્ણય સાચા આગમજ્ઞાન વડે થાય છે. આ આગમજ્ઞાન એટલે ભાવશ્રુતજ્ઞાન; તેમાં સમસ્ત પદાર્થોનો નિર્ણય કરવાની તાકાત છે. પરથી ભિન્ન, ઉપયોગસ્વરૂપ આત્માની અનુભૂતિ થઈ ત્યારે આગમચક્ષુ ઊઘડયાં, ને ત્યારે જીવે મોક્ષમાર્ગને દેખ્યો. આવા આગમજ્ઞાનપૂર્વક સાચું તત્ત્વાર્થશ્રદ્ધાન્ થાય છે, અને આવા જ્ઞાન–શ્રદ્ધાનપૂર્વક નિજસ્વરૂપમાં સ્થિરતારૂપ આચરણ હોય છે, –આવા શ્રદ્ધા–જ્ઞાન–આચરણ તે મોક્ષમાર્ગ છે.

જગતમાં ચેતન અને જડ અનંતપદાર્થો પોતપોતાના વિચિત્ર ગુણ–પર્યાયો સહિત છે, અને સર્વજ્ઞના આગમ અનુસાર તેનું જ્ઞાન થાય છે. જેમ પદાર્થ અનેકાન્તસ્વરૂપ છે તેમ તેને જાણનારું જ્ઞાન પણ અનેકાન્તસ્વરૂપ છે; અને દ્રવ્યશ્રુતમાં પણ તેને કહેવાની તાકાત છે. જાણવાની તાકાત જ્ઞાનમાં છે ને કહેવાની તાકાત વાણીમાં છે; વિસ્પષ્ટ તર્કણારૂપ જે ભાવશ્રુતજ્ઞાન તેમાં સર્વે પદાર્થોને જાણવાની તાકાત છે. મોક્ષમાર્ગને સાધનારા શ્રમણ–મુનિરાજ તેમજ શ્રાવકો અને અવ્રતી સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માઓ પણ આગમજ્ઞાનથી સ્વ–પરનું યથાર્થસ્વરૂપ જાણનારા છે, સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને પોતાને શુદ્ધપણે ( એકલો, પરથી જુદો ) અનુભવે છે. આગમચક્ષુરૂપ જે ભાવશ્રુત તેમાં સમસ્ત પદાર્થોનું સ્વરૂપ સ્પષ્ટ જાણી લેવાની તાકાત છે. જયાં આગમજ્ઞાન સાચું ન હોય, જયાં તત્ત્વશ્રદ્ધા ચોકખી ન હોય ત્યાં સંયમદશા હોતી નથી. –કેમકે સ્વ શું અને પર શું –એની તો એને ખબર નથી, જ્ઞાન શું અને કષાય શું તેની ભિન્નતાનું તો ભાન નથી, તે તો કાયા અને કષાયોમાં એકત્વબુદ્ધિથી વર્તે છે, તો તેને વિષય–કષાયોથી નિવૃત્તિરૂપ સંયમ ક્યાંથી હોય ? અરે, હજી તો સંયમદશા કેવી હોય એની ખબર પણ જેને ન હોય તેને મોક્ષમાર્ગ કેવો ? ને મુનિપણું કેવું ? બાપુ ! મુનિપણુ એ તો હાલતોચાલતો મોક્ષમાર્ગ છે. મુનિદશા એટલે સાક્ષાત્ મોક્ષમાર્ગ. અહા, એના મહિમાની શી વાત ! આ તો વીતરાગનો અલૌકિક માર્ગ છે, એમાં મુનિદશા પણ કોઈ અલૌકિક છે. જ્ઞાન અને સાચી શ્રદ્ધા વગર તે મુનિદશા હોતી નથી.

જુઓ, ચોથા–પાંચમાં ગુણસ્થાને સ્વ–પરનું ભેદજ્ઞાન, અને શુદ્ધાત્માની અનુભૂતિ થયા હોય છે. ભેદજ્ઞાન અને અનુભૂતિ વગર તો ચોથું કે પાંચમું ગુણસ્થાન હોતું નથી. ભલે, મુનિ જેવો ઉગ્ર શુદ્ધઅનુભવ શ્રાવકને ન હોય, પણ દેહથી ભિન્ન અને રાગાદિથી ભિન્ન ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્મા કેવો છે તેનો અનુભવ ચોથા ગુણસ્થાને પણ થઈ ગયો છે. આવા અનુભવ ઉપરાંત મુનિદશા કેવી હોય તેની આ વાત છે. રાગથી ને દેહની ક્રિયાથી ધર્મ માનનારા અજ્ઞાની જીવોને તો શ્રદ્ધાનીયે ખબર નથી ને સંયમની પણ ખબર નથી. ચોથા ગુણસ્થાને પણ પોતાને શુદ્ધઅનુભવ થયો છે–તેની ધર્મીને પોતાને ખબર પડે છે. ને એવા અનુભવ પછી જ શુદ્ધાત્મામાં વિશેષ એકાગ્રતાવડે મુનિદશા થાય છે. –આવા મુનિભગવંતોને જ મોક્ષમાર્ગની સિદ્ધિ છે.

**નમસ્કાર હો તે મોક્ષમાર્ગી મુનિભગવંતોને.**

* * *

# હું કોણ છું ? ...

**************************************************

**હે જીવ! તું વિચાર તો કર... કે તું કોણ છે ને તારું સાચું સ્વરૂપ શું છે? શું આ શરીર-પુદ્‌ગલનું ઢીંગલું તે તું છો? -ના; તું તો ઉપયોગસ્વરૂપ છો. એવા તારા સ્વરૂપને તું ઓળખ. ચાર ગતિનાં ઘોર દુઃખોથી જેને છૂટવું હોય તેણે અંદર વિચાર કરીને ઉપયોગસ્વરૂપ આત્મા હું છું એમ ઓળખવું જોઈએ.**

**************************************************

હું કોણ છું અને મારું સાચું સ્વરૂપ શું છે એની સાચી ઓળખાણ જીવે કદી કરી નથી. અનાદિથી પોતાના જીવસ્વભાવને ભૂલ્યો છે; તે ભૂલ ઉપરાંત કુદેવાદિની માન્યતા ગ્રહણ કરે છે તે ગૃહીતમિથ્યાત્વ છે. ગૃહીતમિથ્યાત્વ તો જીવે કોઈકવાર ટાળ્યું પણ અગૃહીતમિથ્યાત્વ તેણે પૂર્વે કદી ટાળ્યું નથી. ત્યાગી થયો ને શુભભાવ કરીને સ્વર્ગે ગયો ત્યારે પણ તે શુભરાગમાં ધર્મ માનીને તેના જ અનુભવમાં અટકી ગયો, તેનાથી જુદા ચેતનરૂપ આત્માનો અનુભવ ન કર્યો તેથી અગૃહીતમિથ્યાત્વ તો ટળ્યું નહિ. કુદેવાદિના સેવનરૂપ ગૃહીતમિથ્યાત્વ તો છોડયું, સાચા દેવ–ગુરુને તો માન્યા, કેમકે તે વગર નવમી ગ્રૈવેયક સુધી જાય નહિ; એ રીતે ગૃહીતમિથ્યાત્વ છોડવા છતાં ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્માની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન પ્રગટ ન કર્યું તેથી તેનું મિથ્યાત્વ ન છૂટયું ને સંસારભ્રમણ ન મટયું; તેથી અહીં જીવાદિનું યથાર્થ સ્વરૂપ જાણીને મિથ્યાત્વ સર્વથા છોડવાનો ઉપદેશ આપે છે.

આત્મા કેવો છે? સર્વજ્ઞ ભગવાને આત્મા જ્ઞાનઆનંદરૂપ જોયો છે, દેહથી ભિન્ન જોયો છે. આવા આત્માને જાણીને દેહ સાથેની એકતાબુદ્ધિ છોડ. આત્માના સ્વભાવમાં દુઃખ નથી. આત્મા તો જ્ઞાન–આનંદ ને શાંતિથી ભરેલો છે. દેહ તો રૂપી છે, આત્મા અરૂપી છે. 'વિનમૂરતી' એટલે રૂપીપણા વગરનો, અને 'ચિન્મૂરતિ' એટલે ચૈતન્ય સ્વરૂપ, –આવો આત્મા છે.

કર્મ અને શરીર અજીવ છે, પુણ્ય–પાપ તે આસ્રવ છે; તેને પોતાના માનવા કે તેવા સ્વરૂપે જીવ માનવો–એ તો ભગવાનના ઉપદેશથી વિપરીત માન્યતા છે એટલે કે મિથ્યાશ્રદ્ધા છે. અનંતા સર્વજ્ઞ કેવળીભગવંતો થયા, સીમંધરનાથ વગેરે તીર્થંકર ભગવંતો વિદેહક્ષેત્રમાં (મનુષ્ય લોકમાં) સર્વજ્ઞપણે અત્યારે બિરાજી રહ્યા છે, ત્યાં લાખો કેવળીભગવંતો પણ બિરાજે છે; તે બધા ભગવંતોએ ઉપયોગરૂપ આત્મા જોયો છે, –જડરૂપ કે રાગરૂપ નથી જોયો. ઉપયોગરૂપ આત્મા ભગવાને જોયો છે ને તેવો જ ઉપદેશ્યો છે. આવા આત્માને દેહથી ભિન્ન જાણીને વિપરીત માન્યતા છોડો.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ આ સાત તત્ત્વો પ્રયોજનભૂત છે એટલે કે તેમનું જ્ઞાન કરવું તે પ્રયોજનભૂત છે. કાંઈ અજીવ કે આસ્રવબંધ પ્રયોજનભૂત નથી પણ તેને છોડવા માટે તેની ઓળખાણ કરવી તે પ્રયોજનભૂત છે. ઓળખ્યા વગર તેને છોડશે કેવી રીતે? ઘરમાં કોઈ દુશ્મન પ્રવેશી ગયો હોય, તેને ઓળખે નહિ ને મિત્ર તરીકે માને –તો તે તેને ક્યાંથી છોડશે? તેમ રાગાદિ આસ્રવો કે જે શત્રુ જેવા છે, તેને જે મિત્ર માને (–તેનાથી ધર્મ માને) તે તેને ક્યાંથી છોડશે? માટે બધા તત્ત્વોને જેમ છે તેમ બરાબર જાણો તો જ તેની સાચી શ્રદ્ધા થાય, ને ભૂલ મટે. ભૂલ મટે એટલે દુઃખ મટે. માટે દુઃખથી છૂટીને સુખી થવું હોય તેણે આ જીવાદિ સાતતત્ત્વોનું સ્વરૂપ ઓળખવું. શુદ્ધદ્રષ્ટિથી તેમાં શુદ્ધજીવ જ ઉપાદેય છે. અજીવ તો ભિન્ન છે; આસ્રવ ને બંધ તે દુઃખનાં કારણો છે; સંવર–નિર્જરા તે સુખનાં કારણો છે; ને મોક્ષ પૂર્ણ સુખરૂપ છે.

જીવ કેવો છે? ચેતન છે. ચેતનનું એટલે કે જીવનું રૂપ તો ઉપયોગ છે. જીવ ચેતનરૂપ સુખથી ભરેલો છે; અજીવમાં જ્ઞાન કે સુખ–દુઃખ નથી. જીવ જ જ્ઞાનવડે સ્વ–પરને જાણે છે ને પોતાના સુખને વેદે છે. જગતમાં જેને બીજા કોઈની ઉપમા લાગુ પડતી નથી એવું અનુપમ જીવતત્ત્વ ઉપયોગરૂપ છે. આવા નિજતત્ત્વને ઓળખ્યા વગર જીવ દુઃખ પામ્યો; તેને ઓળખે ત્યારે મિથ્યાત્વ મટે ને દુઃખ છૂટે. 'હું ઉપયોગસ્વરૂપ જીવ છું' એવા અનુભવ વગર દેહબુદ્ધિ મટે નહીં, ને સુખ થાય નહીં.

શાસ્ત્રકારોએ ઉપયોગલક્ષણથી આત્માનું સ્વરૂપ ઓળખાવ્યું છે. અહીં છહઢાળામાં કહ્યું કે–

'ચેતનકો હૈ ઉપયોગ રૂપ, વિનમૂરતિ ચિન્મૂરતિ અનૂપ.'

સમયસારમાં કુંદકુંદસ્વામીએ કહ્યું છે કે–

‘હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન–દર્શનમય ખરે.
સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ છે.’

સમયસાર–નાટકમાં પં. બનારસીદાસ કહે છે કે–

‘चेतनरूप अनूप अमूरत सिद्धसमान सदा पद मेरो.’

આત્મસિદ્ધિમાં શ્રીમદ્રાજચંદ્રજી કહે છે કે–

‘શુદ્ધ–બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ. ’

–આમ સર્વજ્ઞભગવાને જોયેલું જીવનું યથાર્થસ્વરૂપ સન્તોએ જાતે અનુભવીને શાસ્ત્રોમાં બતાવ્યું છે; તે પ્રમાણે બરાબર ઓળખવું જોઈએ,

નવતત્ત્વોમાં ચેતનરૂપ જીવ;

ચેતના વગરનાં પુદ્ગલ વગેરે પાંચ દ્રવ્યો અજીવ;

મિથ્યાત્વ અને રાગ–દ્વેષના ભાવો–જેના વડે કર્મો આવે ને બંધાય તે આસ્રવ તથા બંધ;

સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધ આત્માનું ભાન અને તેમાં લીનતા વડે શુદ્ધતા થતાં નવાં કર્મો અટકે ને જુનાં ખરે તે સંવર–નિર્જરા;

અને સંપૂર્ણ સુખરૂપ, તથા કર્મના સર્વથા અભાવરૂપ મોક્ષ છે.

–આવા તત્ત્વોને ઓળખે ત્યારે મિથ્યાત્વ ટળે છે. તેથી પોતાના હિત માટે સાત તત્ત્વોનું જ્ઞાન ઉપયોગી છે, જરૂરનું છે. તત્ત્વને જાણે નહિ ને ધર્મ કરવા માંગે તો થાય નહિ. માટે તે તત્ત્વોને જાણીને તે સંબંધમાં વિપરીતતા ટાળવી જોઈએ.

સર્વજ્ઞદેવે જીવ સદા ઉપયોગ લક્ષણરૂપ જોયો છે. આત્માનું સ્વરૂપ તો ઉપયોગ છે. આવો ઉપયોગસ્વરૂપ શુદ્ધઆત્મા પોતાના જ્ઞાનમાં ભાસ્યા વગર જીવ ક્યાંક ને ક્યાંક તત્ત્વની ભૂલ કર્યા વગર રહે નહિ. ને ભૂલ હોય ત્યાં દુઃખ હોય. મિથ્યાશ્રદ્ધા –જ્ઞાન–ચારિત્ર તે દુઃખરૂપ છે ને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે સુખરૂપ છે.

જીવ પોતે કેવો છે તે જાણ્યા વગર પોતામાં ઠરશે કેવી રીતે?
અજીવને અજીવ જાણ્યા વગર તેનાથી જુદો કેવી રીતે પડશે?

દુઃખનું કારણ શું છે તે ને જાણ્યા વગર તેને કેવી રીતે છોડશે ?

અને મોક્ષ પૂર્ણ સુખરૂપ છે તેને જાણ્યા વગર તે તરફનો પ્રયત્ન કેવી રીતે કરશે ?

આ રીતે સુખ અને તેનો ઉપાય, તથા દુઃખ અને તેનાં કારણો –તેનું જ્ઞાન કરવા માટે સાત તત્ત્વો જાણવા જરૂરી છે. જો અજીવને જીવ માની લ્યે તો ત્યાંથી ઉપયોગને પાછો કેમ વાળે ? શુભ–અશુભ બંને આસ્રવ હોવા છતાં તેને સંવર માની લ્યે તો તેને છોડે ક્યાંથી ? દેહની ક્રિયા પોતાની માને તો તેનાથી ( અજીવથી ) ભિન્નતા કઈ રીતે અનુભવે ? સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતા તે ખરો સંવર છે, તેને બદલે દેહની ક્રિયાને સંવર માને કે રાગને સંવર માને તો તેનાથી જુદો પોતાને કેમ અનુભવે ? –આ રીતે તત્ત્વના જ્ઞાન વગર મિથ્યાત્વ ટળે નહિ. ભગવાન ! તારું સ્વરૂપ ભગવાને કેવું કહ્યું છે તેના ભાન વગર તારી ભૂલ ભાંગશે નહિ ને તારું ભ્રમણ મટશે નહિ. આત્માના જ્ઞાન વગર શુભભાવ કરીને સ્વર્ગે ગયો ત્યારે પણ અગૃહીતમિથ્યાત્વ ભેગું લઈને ગયો, એટલે ત્યાં પણ દુઃખી જ થયો. આત્માના ભાન વગર ક્યાંય સુખનો સ્વાદ આવે નહિ.

ચેતનનું રૂપ તો ઉપયોગ એટલે જાણવું–દેખવું તે છે. શરીર તો અજીવ –જડરૂપી છે, તે કાંઈ જાણતું નથી. ઉપયોગલક્ષણવડે આત્મા દેહથી ભિન્ન જણાય છે. અમૂર્ત આત્મા બધાનો જાણનાર છે. જાણનારને પુણ્ય–પાપરૂપ માનવો કે દેહરૂપ માનવો તે મિથ્યાત્વ છે. તેણે જીવને ઉપયોગસ્વરૂપ ન માન્યો પણ અજીવરૂપ ને આસ્રવરૂપ માન્યો, એટલે તત્ત્વની વિપરીત શ્રદ્ધા થઈ. જીવે સાચા તત્ત્વોને કદી ઓળખ્યા નથી, તેમાં ભેળસેળ કરીને ગોટા વાળ્યા છે. જાણનાર તત્ત્વ જડની પણ ક્રિયા કરે એમ કેમ બને ? ઉપયોગની ક્રિયા જડરૂપ કેમ હોય ? –ન જ હોય. ચેતનમાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શરૂપ મૂર્તપણું નથી, તે તો ઉપયોગરૂપ અમૂર્ત છે; એની ઓળખાણ વડે જ સમ્યગ્દર્શન થાય છે ને મિથ્યાત્વ ટળે છે. માટે સંતોએ કરુણા કરીને તેનો ઉપદેશ દીધો છે.

હે ભાઈ ! ભગવાને બધા આત્માને સદા ઉપયોગસ્વરૂપ જોયા છે, તે અજીવ કેમ હોય ? કે શરીરરૂપ કેમ હોય ? આત્મા ઉપયોગરૂપ છોડીને જડરૂપ કદી થતો નથી. આ પ્રમાણે સર્વજ્ઞભગવાને જોયેલા ઉપયોગરૂપ જીવને જાણે તો બધા ખુલાસા થઈ જાય ને તત્ત્વોની વિપરીતતા મટી જાય. ઉપયોગરૂપ આત્મા અજીવ નથી એટલે અજીવની ક્રિયા તે કરતો નથી.

**પ્રશ્નઃ** અજીવમાં તો શક્તિ ન હોય, એટલે આત્મા તેને હલાવે–ચલાવે ત્યારે તે હાલે–ચાલે ?

**ઉત્તરઃ** એમ નથી; અજીવમાં પણ તેની અનંત શક્તિઓ છે ને તેની ક્રિયાઓ તે સ્વયં પોતાની શક્તિથી કરે છે. એકેક જડ રજકણમાં તેના અનંતા જડ–ગુણો છે, ને તેની શક્તિથી તેનામાં રૂપાંતર હલનચલન વગેરે થાય છે. માટે જીવ અને અજીવની ભિન્નતા જાણવી. તે બંનેને ભિન્ન ઓળખતાં તત્ત્વની ભૂલ ટળે છે ને યથાર્થ શ્રદ્ધા થાય છે.

જગતમાં ભિન્નભિન્ન અનંતા જીવો છે; જીવ કરતાં અનંતગુણા પુદ્ગલો છે; અસંખ્ય કાળાણુ દ્રવ્યો છે; ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ એ પ્રત્યેક દ્રવ્યો છે. આ છ પ્રકારનાં દ્રવ્યોમાં જીવ સિવાયનાં પાંચે અજીવ છે; ને પુદ્ગલ સિવાયના પાંચે અમૂર્ત છે. જગતમાં આ છ એ પ્રકારનાં દ્રવ્યો સર્વજ્ઞદેવે સ્વતંત્ર જોયા છે; તેને સ્વતંત્ર ન માનતાં પરાધીન માનવા તે તત્ત્વશ્રદ્ધામાં વિપરીતતા છે. છ દ્રવ્યોરૂપ જે વિશ્વ, તેનો કોઈ કર્તા–હર્તા કે ધર્તા નથી. ( ધર્તા=ધારણ કરનાર )

છએ દ્રવ્યોમાં એકલો આત્મા જ ઉપયોગરૂપ છે, તેથી આત્મા જ અનુપમ છે. અહા ! જે સર્વજ્ઞસ્વભાવી મહાન પદાર્થ છે તેને કોની ઉપમા દેવી ? અનાદિથી આત્મામાં સર્વજ્ઞસ્વભાવ છે–જે બીજા શેમાંય નથી; શરીરમાં નથી, રાગમાં નથી, એવો ઉપયોગ તે જીવનું લક્ષણ છે. અલૌકિક વસ્તુ આત્મા છે, તેના સ્વભાવને બીજા કોઈ બાહ્ય પદાર્થની ઉપમા આપી શકાતી નથી; પોતાના અનુભવ વડે તેને જાણી શકાય છે. આવા આત્માને સ્વાનુભવથી જાણે ત્યારે જ સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન વગર સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર હોતાં નથી. સમ્યગ્દર્શન વગરની શુભક્રિયાઓ તે એકડા વગરના મીંડાંની માફક ધર્મમાં કિંમત વગરની છે. જેમ આંખ વગરનો માણસ શોભે નહિ, તેમ જીવની આંખ તો ઉપયોગરૂપ જ્ઞાન–દર્શન છે, પુણ્ય–પાપ તે કાંઈ જીવની આંખ નથી; આ બહારની આંખ તો જડ છે. ઉપયોગસ્વરૂપ નિજ આત્માને જાણવા–દેખવારૂપ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનચક્ષુ જેને ખુલ્યાં નથી તેની શુભક્રિયાઓ પણ ધર્મમાં શોભતી નથી, અર્થાત્ તે ધર્મનું કારણ થતી નથી પણ સંસારનું જ કારણ થાય છે. પોતે પોતાને ન દેખે–ન જાણે એને ધર્મ કેવો ? સમ્યક્ત્વરૂપી ધર્મની આંખ જ તેને ઊઘડી નથી.

શુદ્ધાત્મદ્રષ્ટિપૂર્વક સાત તત્ત્વોને જાણવા જોઈએ; અજીવને જાણતાં એમ જાણવું કે તેમાં હું નથી, મારાથી તે ભિન્ન છે; એ જ રીતે રાગને જાણતાં તેનાથી ચૈતન્યની ભિન્નતા જાણવી. –આમ જાણે ત્યારે તત્ત્વોને જાણ્યા કહેવાય. પણ શરીરને કે રાગને આત્માનું સ્વરૂપ માને તો તેણે તત્ત્વોને જાણ્યા નથી. જીવ અને અજીવ એ બે મૂળ તત્ત્વો છે, ને બાકીનાં તત્ત્વો તે તેની અશુદ્ધ કે શુદ્ધ પર્યાયો છે. આ સાત તત્ત્વોને ઓળખે તો તેમાં અજીવથી પોતાની ભિન્નતા જાણીને, પોતાને ઉપયોગસ્વરૂપ જાણે, એટલે અજીવ સાથે એકતાબુદ્ધિ છોડીને શુદ્ધ જીવસ્વભાવનો આશ્રય કરતાં મિથ્યાત્વાદિ આસ્રવ–બંધ ટળે છે ને સમ્યક્ત્વાદિરૂપ સંવર–નિર્જરા–મોક્ષદશા પ્રગટે છે. માટે સાત તત્ત્વોને જાણવા ખાસ જરૂરના છે. અરે, અત્યારે તો લોકોમાં સાત તત્ત્વોનું જ્ઞાન ભૂલાઈ ગયું છે. અનાદિથી જીવે સાત તત્ત્વોને સરખા જાણ્યા નથી. આ તો વીતરાગવાણીમાં મૂળ મુદ્દાની વાત છે. સાત તત્ત્વોમાં હું ઉપયોગસ્વરૂપ જીવ છું–એમ ઓળખવું, –જેથી મિથ્યાત્વ ટળે ને સમ્યક્ત્વ થાય.

હું કોણ છું ને મારું ખરું સ્વરૂપ શું છે તેનો જીવે સાચો વિચાર પણ કદી કર્યો નથી. ચાર ગતિનાં ઘોર દુઃખોથી જેને છૂટવું હોય તેણે અંદર વિચાર કરીને ઉપયોગસ્વરૂપ આત્મા હું છું એમ ઓળખવું જોઈએ. શાસ્ત્રકારોએ કરુણા કરીને તે સ્વરૂપ સમજાવ્યું છે.

'વીતરાગ–વિજ્ઞાન' ( ભાગ બીજો )માંથી એક પ્રકરણ.

( પુસ્તક છપાય છે અને આત્મધર્મના ગ્રાહકોને ભેટ મળશે. )

* * *

* **એક ભૂલ:** આત્મધર્મના ગતાંકમાં ૧૬ મા પાને એમ છપાયું છે કે 'જયાં હિમાલયની ટોચ છે ત્યાં પહેલા સ્વર્ગનું તળિયું છે' –તે ભૂલ છે; તેને બદલે આ પ્રમાણે વાંચવું કે 'જયાં મેરુ પર્વતની ટોચ છે ત્યાં પહેલા સ્વર્ગનું તળીયું છે, બંને વચ્ચે માત્ર એક વાળ જેટલું અંતર છે. ' ( એટલે કે હિમાલયને બદલે મેરુ સમજવું. આ શરતચૂક પ્રત્યે ધ્યાન ખેંચનારા પાઠકોનો આભાર ! )

* * *

## વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

* ‘આત્મધર્મ’ એટલે શું?

આત્મધર્મ એટલે આત્માનો સ્વભાવ; આત્મા ઉપયોગસ્વરૂપ છે તે ઉપયોગનું શુદ્ધ ઉપયોગરૂપે રહેવું તેનું નામ ધર્મ; અથવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે આત્માનો ધર્મ.

* સમ્યગ્દર્શન એટલે શું?

સમ્યક્દર્શન એટલે સાચું દર્શન; આત્માનું જેવું સ્વરૂપ છે તેવું દેખવું (શ્રદ્ધવું) તે આત્માનું સમ્યક્દર્શન છે; અને તે જ ધર્મનું મૂળ છે, કેમકે સાચું સ્વરૂપ દેખે તો જ તેને સાધી શકે.

* તીર્થંકર એટલે શું?

તીર્થને જે કરે તે તીર્થંકર, તીર્થ એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ; તે પોતામાં જે પ્રગટ કરે તેણે પોતાના આત્મામાં તીર્થની રચના કરી. અને વિશિષ્ટ પુણ્યપ્રકૃતિવડે એવા રત્નત્રયરૂપ ધર્મતીર્થનો ઉપદેશ દેનારા ઋષભદેવાદિ ભગવંતો તે તીર્થંકરો છે. પરમાર્થે પોતાના આત્મામાં રત્નત્રયરૂપ તીર્થનો કર્તા આત્મા પોતે જ છે.

* આત્મધર્મમાં પુરાણકથાઓ આવે છે તેમાં અનેક જીવોના આવતા ભવો વિષે લખ્યું હોય છે તો તેની કેવી રીતે ખબર પડી?

ભાઈ, પુરાણશાસ્ત્રો ગણધર ભગવંતોની પરંપરાથી ચાલ્યા આવે છે. ભગવાન ત્રણકાળને જાણનારા હતા; અનેક સંત–મુનિઓ પણ પોતાની વિશેષ જ્ઞાન–શક્તિથી ભૂતકાળ ને ભવિષ્યકાળની વાત જાણી શકતા. એ બધું પુરાણોમાં વર્ણવ્યું છે, ને તેના આધારે જ કથાઓ લખાય છે.

* હું આવતા ભવમાં શું થઈશ?

તમે જીવ છો, ને જીવ જ રહેશો. બાકી ધર્મમાં જે જીવો રસ લેતા હોય તે જીવો માટે અનુમાન કરી શકાય કે આવતા ભવમાં તે દેવલોકમાં જશે.

* સતી ચંદનબાળાની કથા અમારે વાંચવી છે–એમ એક બહેન લખે છે.

તેમને જણાવવાનું કે હજી આપણે તે પુસ્તક છપાવ્યું નથી પરંતુ આવતા અંકમાં ચંદનબાળાની ટૂંકી કથા આપીશું.

* રત્નચિંતામણિ–ઉત્સવ કઈ રીતે ઉજવાય ?

આત્મા પોતે અનંતગુણથી ભરેલો રત્નચિન્તામણિ છે, તેનો સ્વાનુભવ કરવો એ સાચો રત્નચિન્તામણિ–મહોત્સવ છે. ( એમ ગુરુદેવે મુંબઈમાં કહ્યું હતું. )

* આત્માની આંખ કેમ ઊઘડે ?

જ્ઞાન તે આત્માની આંખ છે. સ્વાનુભવવડે તે આંખ ઊઘડે છે. એની રીત આચાર્યદેવે સમયસારમાં બતાવી છે.

આત્મા એવો ચિંતામણી ચૈતન્યરત્ન છે કે જેને લક્ષમાં લઈને ચિંતવતાં સમ્યગ્દર્શન વગેરે રત્નોની પ્રાપ્તિ થાય છે. જગત એવા ચૈતન્યરત્નને પામો.

જ્ઞાન આત્માના ચક્ષુ છે. સ્વાનુભવવડે તે જ્ઞાનચક્ષુ ઉઘડે છે. એવા જ્ઞાનચક્ષુ ખોલવાનો ઉપાય આચાર્ય ભગવાને બતાવ્યો છે. તે સમજવા માટે વાંચો – **‘જ્ઞાનચક્ષુ’** પુસ્તક.

* અશ્વિનકુમાર જૈન ( મોરબી ) વીતરાગદેવના દર્શનથી પ્રમોદ તથા બાલ વિભાગ પ્રત્યેની તમારી ઉત્તમ લાગણીઓ બદલ ધન્યવાદ! ધાર્મિક ભાવનાઓમાં ઉત્સાહથી ખૂબ ખૂબ આગળ વધો.

* હસુબેન ( જોરાવરનગર ) લખે છે કે બાલવિભાગના આંબામાં સમ્યક્ત્વાદિ સૂચક કેરી મળતાં આનંદ થયો. આ કેરી તો એવી કે સદાય ખવાય. એનો સ્વાદ પણ એવો કે જે ચાખતાં સિદ્ધપદ પમાય ! ( સાથે બે બહેનોનો સંવાદ પણ મળ્યો છે. )

* આત્મિક સંપત્તિ

કેટલાય માણસો આજ એમ સમજી રહ્યા છે કે આર્થિક સંપત્તિમાં આગળ વધી રહેલું અમેરિકા બહુ સુખી હશે ! પરંતુ તે કેટલી ભ્રમણા છે –એનો ખ્યાલ ખુદ અમેરિકાના પ્રમુખ નિકસનના શબ્દોથી આવી શકશેઃ તેમણે પોતાના પ્રવચનમાં હમણાં કહ્યું હતું કે– ‘આપણે ( અમેરિકનો ) ભૌતિક રીતે સંપન્ન બન્યા છીએ પણ

આત્મિક સંપત્તિમાં દરિદ્ર છીએ... ' ત્યારે આપણે ભારતીયો નિઃશંકપણે એમ કહી શકીએ કે અમારા ભારત દેશની આધ્યાત્મિક સંપત્તિ મહાન છે, અને અમારી તે સમૃદ્ધિવડે અમે ગૌરવ અનુભવીએ છીએ... કેમકે ગમે ત્યારે પણ સાચું સુખ ને શાંતિ આધ્યાત્મિક સંપત્તિવડે જ મળવાની છે. આપણા દેશની આ અમૂલ્ય સંપત્તિનું મહત્ત્વ સમજીએ અને પરદેશ પાછળની દોડ છોડી દઈએ.

* * *

## શ્રાવણ માસનો શિક્ષણવર્ગ

સોનગઢમાં પ્રૌઢવયના જિજ્ઞાસુ જૈનભાઈઓ માટેનો શિક્ષણવર્ગ દર વર્ષની જેમ શ્રાવણ સુદ પાંચમ ને સોમવાર તા. ૧૮ ઓગષ્ટથી શરૂ થશે અને શ્રાવણ વદ ૧૦ ને શનિવાર તા. ૬–૯–૬૯ સુધી ચાલશે.

* ખાસ પ્રવચનના દિવસો શ્રાવણ વદ ૧૩, મંગળવાર, તા. ૯–૯–૬૯ થી ભાદરવા સુદ પાંચમ, મંગળવાર, તા. ૧૬ સુધી રાખવામાં આવ્યા છે.

* દસલક્ષણી પર્યુષણપર્વનો પ્રારંભ ભાદરવા સુદ ૪ ને સોમવાર તા. ૧૫–૯–૬૯ ના રોજ થશે, ( વચ્ચે એક તિથિ ઘટતી હોવાથી એક દિવસ વહેલા શરૂ થાય છે ) અને ભાદરવા સુદ ૧૪, બુધવાર, તા. ૨૪–૯–૬૯ના રોજ પૂર્ણ થશે.

## “જ્ઞાનચક્ષુ” ભેટપુસ્તક

* આત્મધર્મના ચાલુ ગ્રાહકોને ‘જ્ઞાનચક્ષુ’ પુસ્તક રાજકોટના શેઠશ્રી મોહનલાલ કાનજીભાઈ ઘીયા તરફથી ( પ્રભુલાલભાઈની સ્મૃતિમાં ) ભેટ આપવાનું છે. આ પુસ્તકમાં સમયસાર ગા. ૩૨૦ ( જયસેનસ્વામી રચિત ટીકા ) ઉપરનાં પૂ. ગુરુદેવનાં પ્રવચનો છપાયેલાં છે.

* ભેટપુસ્તક મેળવવા માટેનું કુપન આ અંકની સાથે મોકલ્યું છે, તેમાં લખેલ સૂચના મુજબ વેલાસર ભેટપુસ્તક મેળવી લેવા વિનંતિ છે.

* જો કોઈ ગ્રાહકને ચાલુ અંકની સાથે કુપન ન મળ્યું હોય તો તા. ૧૦ ઓગષ્ટ સુધીમાં સંપાદકને જણાવી દેવું. ( સાથે પૂરું સરનામું અને ગ્રાહક નંબર લખવો. )

## * અમે જિનવરનાં સંતાન *

( નવા સભ્યોનાં નામ )

| | | |
|---|---|---|
| ૨૩૫૯ | જિતેન્દ્રકુમાર એન. જૈન | અમરાપુર |
| ૨૩૬૦A | શર્મીષ્ઠાબેન એન. જૈન | ધનિયાળ |
| ૨૩૬૦B | રંજનબેન એન. જૈન | ” |
| ૨૩૬૧A | નયનાબેન ચંદુભાઈ જૈન | સોનગઢ |
| ૨૩૬૧B | ચેતનાબેન ચંદુભાઈ જૈન | ” |
| ૨૩૬૨A | મુકેશ રસીકલાલ જૈન | સુરેન્દ્રનગર |
| ૨૩૬૨B | દિપક રસીકલાલ જૈન | ” |
| ૨૩૬૩ | આશાબેન ચુનીલાલ જૈન | ભીવન્ડી |
| ૨૩૬૪ | પરેશકુમાર રમણલાલ જૈન | અમદાવાદ |
| ૨૩૬૫A | મહેન્દ્રકુમાર કાંતીલાલ જૈન | દેલવાડા |
| ૨૩૬૫B | સુરેશકુમાર કાંતીલાલ જૈન | ” |
| ૨૩૬૬A | જીવરાજભાઈ નામેરીભાઈ જૈન | ઉમૈયા |
| ૨૩૬૬B | ગોવિંદભાઈ કાંથડભાઈ જૈન | ” |
| ૨૩૬૬C | નારાયણભાઈ કાંથડભાઈ જૈન | ” |
| ૨૩૬૭ | ભરતકુમાર લાલચંદ જૈન | સોનગઢ |
| ૨૩૬૮A | કિરણબાળા એમ. જૈન | કલકત્તા |
| ૨૩૬૮B | સોનલબાળા એમ. જૈન | ” |
| ૨૩૬૮C | રૂપલબાળા એમ. જૈન | ” |
| ૨૩૬૮D | દર્શનાબેન એમ. જૈન | ” |
| ૨૩૬૮E | હર્ષદરાય એમ. જૈન | ” |
| ૨૩૬૯A | દિનેશકુમાર સી. જૈન | સનાવદ |
| ૨૩૬૯B | ભુપેશકુમાર સી. જૈન | સનાવદ |
| ૨૩૬૯C | ધીરૂભાઈ વી. જૈન | સનાવદ |




* દાહોદમાં તા. ૧૧–૭–૬૯ ના રોજ ભાઈશ્રી પન્નાલાલજી મેઘનગરવાળા સ્વર્ગવાસ પામી ગયા છે. સવારમાં પૂજન કરીને પછી શાસ્ત્રસ્વાધ્યાયમાં બેઠા હતા, ત્યાં સાડાઆઠ વાગે છાતીમાં દુઃખાવો થતાં ઘરે ગયા, ને નવ વાગે દેહ છોડીને સ્વર્ગવાસ પામી ગયા. દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* અમરાપુર (ગીર)ના યુવાન ભાઈશ્રી બિપિનકુમાર એન. જૈન ગત અષાઢ સુદ ૧૨ના રોજ સાંતાક્રુઝ–મુંબઈ મુકામે કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બાલવિભાગના સભ્ય હતા ને માત્ર ૧૬ વર્ષની તેમની ઉંમર હતી. દોઢ–બે માસની માંદગી દરમિયાન પણ જરાય કંટાળો લાવ્યા વગર તેઓ ધાર્મિક પુસ્તકોનું વાંચન કરતા. સોનગઢ આવીને ગુરુદેવના દર્શન કરવાની તથા આહારદાન દેવાની તેમની ભાવના હતી, ને તે માટે શુક્રવારની પ્લેનની ટિકિટ પણ મંગાવેલ, પરંતુ તે ભાવના પૂરી થવા પહેલાં શુક્રવારે પરોઢિયે સાડાત્રણ વાગતાં તેમનો સ્વર્ગવાસ થઈ ગયો. ધાર્મિક સંસ્કાર અને ભાવનામાં આગળ વધીને તેમનો આત્મા આત્મહિત સાધે એ જ ભાવના. (બાલસભ્યો! આપણા એક સભ્યના સ્વર્ગવાસના આ સમાચાર તમે વાંચો ત્યારે આત્મશાંતિ અર્થે વૈરાગ્યભાવના સહિત નમોક્કારમંત્ર નવવાર ગણજો.)

# સાચી પરંપરા કે નવીન માર્ગ ?

**[પં. ટોડરમલજીએ અનેક પ્રકારની સ્પષ્ટતા કરી છે તેમાં કુળપરંપરા સંબંધી પણ સુંદર સ્પષ્ટતા કરી છે તે અહીં આપીએ છીએ.]**

કોઈ જીવ તો કુળક્રમવડે જ જૈની છે પણ જૈનધર્મનું સ્વરૂપ જાણતા નથી, માત્ર કુળમાં જેવી પ્રવૃત્તિ ચાલતી આવે છે તે જ પ્રમાણે તેઓ પ્રવર્તે છે. તે તો જેમ અન્યમતિ પોતાના કુળધર્મમાં પ્રવર્તે છે તે જ પ્રમાણે આ પણ પ્રવર્તે છે.

વળી જો પિતા દરિદ્રી હોય અને પોતે ધનવાન થાય તો ત્યાં કુળક્રમ વિચારી પોતે દરિદ્રી રહેતો નથી, તો ધર્મમાં કુળનું શું પ્રયોજન છે ? પિતા નર્કમાં જાય અને પુત્ર મોક્ષ જાય છે તો ત્યાં કુળક્રમ ક્યાં રહ્યો ? જો કુળ ઉપર જ દ્રષ્ટિ હોય તો પુત્ર પણ નર્કગામી થાય; માટે ધર્મમાં કાંઈ કુળક્રમનું પ્રયોજન નથી, પણ શાસ્ત્રોના અર્થને વિચારી, કાળદોષથી જૈનધર્મમાં પણ પાપી પુરુષોએ કુદેવ–કુગુરુ–કુધર્મ સેવનાદિરૂપ વા વિષય–કષાયના પોષણાદિરૂપ વિપરીત પ્રવૃત્તિ ચલાવી હોય તેનો ત્યાગ કરી, જિનઆજ્ઞાઅનુસાર પ્રવર્તવું યોગ્ય છે.

**પ્રશ્નઃ** પરંપરા છોડીને નવીન માર્ગમાં પ્રવર્તવું યોગ્ય નથી.

**ઉત્તરઃ** જો પોતાની બુદ્ધિથી નવીન માર્ગમાં પ્રવર્તે તો તે યોગ્ય નથી, પરંતુ પરંપરા અનાદિનિધન જૈનધર્મનું સ્વરૂપ શાસ્ત્રોમાં પ્રરૂપણ કર્યું છે, તે પ્રવૃત્તિ છોડીને વચ્ચે કોઈ પાપી પુરુષોએ અન્યથા પ્રવૃત્તિ ચલાવી હોય, તેને પરંપરામાર્ગ કેવી રીતે કહેવાય ? તથા તેને છોડી પુરાતન જૈન શાસ્ત્રોમાં જેવો ધર્મ પ્રરુપ્યો હોય તેમ પ્રવર્તે તો તેને નવીનમાર્ગ કેમ કહેવાય ? ... કુળસંબંધી વિવાહાદિક કાર્યોમાં તો કુળક્રમનો વિચાર કરવો, પણ ધર્મસંબંધી કાર્યોમાં તો કુળનો વિચાર ન કરવો, પરંતુ જેમ સત્યધર્મમાર્ગ છે તેમ પ્રવર્તવું યોગ્ય છે. ( મોક્ષમાર્ગ પ્રકાશક પૃઃ ૨૧૯–૨૨૦ )

આત્મધર્મ

# સમ્પાદકીય

પુ. ગુરુદેવની મંગલ છાયામાં સૌ સાધર્મીઓના સહકારથી આપણું આત્મધર્મ વિકસી રહ્યું છે. V. P. કર્યા વગર પણ એના લગભગ બધા ગ્રાહકો પોતાનું લવાજમ વેલાસર મોકલી આપે છે, એટલું જ નહિ, તેની ગ્રાહકસંખ્યા પણ વધતી જાય છે. ગુરુદેવના પ્રવચનોની જે અમૂલ્ય વાનગી તેમાં અપાય છે તેનો લાભ હજારો જિજ્ઞાસુઓ હોંશે હોંશે લઈ રહ્યા છે. વિશાળ સંખ્યામાં અધ્યાત્મરસિક વાંચકવર્ગ એ ‘આત્મધર્મ’ નું ખાસ ગૌરવ છે.

આત્મધર્મ એ કોઈ લૌકિક છાપા જેવું છાપું નથી પરંતુ એ વીતરાગધર્મનો સન્દેશ આપનાર ઉચ્ચ કોટિનું આધ્યાત્મિક પત્ર છે; તેમાં આવતા લેખોની પસંદગી ગંભીર વિચારણાપૂર્વક અને શ્રી દેવ–શાસ્ત્ર–ગુરુની પુરેપૂરી મર્યાદા જાળવીને કરવામાં આવે છે. કઈ રીતે જૈનશાસનની વધુ ને વધુ પ્રભાવના થાય, ને કઈ રીતે વધુ ને વધુ જિજ્ઞાસુ જીવો તેનો લાભ લ્યે–એવી ભાવનાથી તેનું સંપાદન થાય છે. અને અમને સંતોષ છે કે ભારતના જિજ્ઞાસુ જીવોએ પણ આત્મધર્મને એવા જ પ્રેમથી ને બહુમાનથી અપનાવ્યું છે.

આત્મધર્મમાં અવારનવાર પ્રસંગોચિત લેખો પણ આપવામાં આવે છે. જેમકે ચંદ્રલોક સંબંધી અત્યારે જે અંધાધુંધ પ્રચાર ચાલી રહ્યો છે તે સંબંધમાં જૈનસિદ્ધાંત અનુસાર સાચી હકીકત શું છે–તે વાત શાસ્ત્રાધારપૂર્વક સ્પષ્ટ કરવામાં આવી, –તે વાંચીને આપણા સેંકડો–હજારો શિક્ષિત ભાઈ–બહેનોને જૈનસિદ્ધાંત પ્રત્યે વિશ્વાસનું કારણ થયું છે, ને અનેક જીવોની શંકાઓનું નિરાકરણ થયું છે. આજના વાતાવરણમાં કેટલાય જીવો એવી દ્વિધામાં રહેતા હતા કે આજનું વિદેશી વિજ્ઞાન કહે છે તે સાચું હશે કે આપણા જૈન સિદ્ધાંતમાં કહ્યું છે તે સાચું હશે? –આવી પરિસ્થિતિમાં સિદ્ધાંત અનુસાર સત્ય હકીકત જાણવાથી કેટલાય જીવોની દ્વિધા મટી છે, ને તે સંબંધી અનેક પત્રો આવેલા છે.

આત્મધર્મનો વાંચકવર્ગ વિશાળ છે અને વિચારક પણ છે. સંપાદક સમસ્ત વાંચકોને પોતાના એક સાધર્મી કુટુંબ સમાન ગણે છે; તથા વિવિધ વાંચકો તરફથી આત્મધર્મના વિકાસ માટે આવતા સૂચનોને પ્રેમપૂર્વક આવકારે છે... અને એવા સૂચનો મોકલવા માટે સૌને હાર્દિક આમંત્રણ છે.

–जय जिनेन्द्र

– બ્ર. હ. જૈન

# સુખ એટલે આત્મા
## રૂપિયાથી સુખ નથી મળતું

(૧) અનંતા રૂપિયા કોઈ પાસે હોઈ ન શકે, પણ અનંતગુણો દરેક જીવ પાસે છે; કેમકે સ્થૂળ રૂપિયા તો આખા લોકમાં પણ અસંખ્ય જ સમાઈ શકે, અનંત રૂા. લોકમાં સમાય જ નહિ. અનંતગુણો તો એકેક જીવમાં સદાય વસેલા જ છે.

(૨) માટે હે જીવ! આવા તારા નિજગુણનિધાનને તું સંભાળ! –રૂપિયા વગર જ તેમાં પરમ સુખ ભરેલું છે.

(૩) તારા નિજવૈભવની સંભાળમાં તને એવું સુખ થશે કે જેમાં રૂપિયાની જરૂર જ ન પડે.

(૪) પોતાનું સહજ સુખ ભૂલીને વેચાતું સુખ લેવા જવું તે મુર્ખાઈ છે.

(૫) જેમ જ્ઞાન બજારમાં વેચાતું મળતું નથી તેમ સુખ પણ બજારમાં પૈસાથી વેચાતું મળતું નથી.

(૬) જ્ઞાનની જેમ સુખગુણ આત્માનો છે, જડનો નથી.

(૭) જડમાં સુખ માનતાં ચેતનનું સાચું સુખ ભુલાય છે.

(૮) જડમાં સુખ કોણ શોધે? જે દુઃખી હોય, ને પોતામાં સુખ ન દેખે, તે જડમાં સુખ શોધે. પોતામાં સુખ જેણે દેખ્યું હોય તે પરમાં સુખ શોધે નહીં.

(૯) સુખ તે આત્મા છે, અને આત્માના અનુભવથી જ પ્રગટે છે.

(૧૦) સિદ્ધભગવંતોને પરમ ઉત્કૃષ્ટ સુખ છે, તે સુખ શેનું? કે પોતાના આત્મસ્વભાવનું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (પ્રતઃ ૨૬૦૦)